ता. १२.६.६३

ગુજરાત વિધાનસભા સચિવાલય

ગુજરાત વિધાનસભાના સન ૧૯૬૩ના પ્રથમ અધિવેશન
(ફેબ્રુઆરી-માર્ચ-એપ્રિલ) માં થયેલા કામકાજનો

# ટૂંકો અહેવાલ

૧૯૬૩

# પ્રસ્તાવના

આ પ્રકાશનમાં ગુજરાત વિધાનસભાના સન ૧૯૬૩ના પ્રથમ અધિવેશનમાં (ફેબ્રુઆરી-માર્ચ-એપ્રિલમાં) થયેલા કામકાજની જુદી જુદી બાબતો ઉપર સ્પષ્ટિકરણ આપતી ટૂંકી નોંધો આપેલી છે. શક્ય હોય ત્યાં આમાંની કેટલીક બાબતો અંગે આંકડાવાર માહિતી પણ આપી છે.

ગુજરાત વિધાન સભા સચિવાલય,
નવી સિવિલ હોસ્પિટલ,
અમદાવાદ-૧૬, તા. ૩જી મે ૧૯૬૩.

હ. ભ. શુકલ,
સચિવ,
ગુજરાત વિધાનસભા.

---

# અનુક્રમણિકા


| અનુક્રમાંક | વિષય | પાનું ક્રમાંક |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧. | ગુજરાત વિધાનસભાના સન ૧૯૬૩ના પ્રથમ અધિવેશન (ફેબ્રુઆરી-માર્ચ—એપ્રિલ)માં થયેલા કામકાજનો ટૂંકો અહેવાલ. ... | ૧ |
| ૨. | પત્રક ક્રમાંક-૧ સન ૧૯૬૩ના પ્રથમ અધિવેશન દરમિયાન ગુજરાત વિધાનસભામાં રોજેરોજ થયેલા કામકાજનો સારાંશ. ... | ૮ |
| ૩. | પત્રક ક્રમાંક-૨ જુદી જુદી સમિતિઓ પર સભ્યોની ચૂંટણી. ... | ૨૭ |
| ૪. | પત્રક ક્રમાંક-૩ જુદી જુદી સમિતિઓ ઉપર અધ્યક્ષશ્રીએ નીમેલા સભ્યો. ... | ૨૮ |
| ૫. | પત્રક ક્રમાંક-૪ અધ્યક્ષશ્રીએ નીમેલી પ્રમુખોની પેનલ. ... | ૨૯ |
| ૬. | પત્રક ક્રમાંક-૫ સરકારી વિધેયકો. ... | ૩૦ |
| ૭. | પત્રક ક્રમાંક-૬ રજૂઆત માટેનાં બિન-સરકારી વિધેયકો. ... | ૩૬ |
| ૮. | પત્રક ક્રમાંક-૭ પહેલા વાંચન માટેનાં બિન-સરકારી વિધેયકો. ... | ૩૮ |
| ૯. | પત્રક ક્રમાંક-૮ સન ૧૯૬૩-૬૪ના વર્ષ માટેની માગણીઓ. ... | ૩૯ |
| ૧૦. | પત્રક ક્રમાંક-૯ સન ૧૯૬૩-૬૪ના વર્ષની માગણીઓ પર કાપ દરખાસ્તો. | ૪૦ |
| ૧૧. | પત્રક ક્રમાંક-૧૦ સન ૧૯૬૨-૬૩ના વર્ષ માટેની પૂરક માગણીઓ. ... | ૪૩ |
| ૧૨. | પત્રક ક્રમાંક-૧૧ સન ૧૯૬૨-૬૩ના વર્ષ માટેની પૂરક માગણીઓ પર કાપ દરખાસ્તો. ... | ૪૪ |
| ૧૩. | પત્રક ક્રમાંક-૧૨ સન ૧૯૬૦-૬૧ (તા. ૧લી મે, ૧૯૬૦થી ૩૧મી માર્ચ, ૧૯૬૧ સુધી ) ના વર્ષ માટેની રજૂ થયેલ વધારાની માગણીઓ. ... | ૪૫ |
| ૧૪. | પત્રક ક્રમાંક-૧૩ તારાંકિત, અતારાંકિત તેમજ ટૂંકી મુદતના પ્રશ્નોનો નિકાલ. ... | ૪૬ |
| ૧૫. | પત્રક ક્રમાંક-૧૪ તારાંકિત પ્રશ્નોની ખાતાવાર માહિતી (આંકડામાં) ... | ૪૭ |
| ૧૬. | પત્રક ક્રમાંક-૧૫ અતારાંકિત પ્રશ્નોની ખાતાવાર માહિતી (આંકડામાં) ... | ૪૮ |
| ૧૭. | પત્રક ક્રમાંક-૧૬ પ્રશ્નોના જવાબો પરથી ઉપસ્થિત થતી બાબતો પર અડધા કલાકની ચર્ચા ઉભી કરવા માટે ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૮૩ અન્વયે મળેલ સૂચનાઓ. ... | ૪૯ |

| અનુક્રમાંક | વિષય | પાનું ક્રમાંક |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧૮. | પત્રક ક્રમાંક-૧૭ બિન-સરકારી સંકલ્પો. ... | ૫૦ |
| ૧૯. | પત્રક ક્રમાંક-૧૮ ગુજરાત વિધાનસભાના નિયમો નિયમ ૯૦ (ટૂંક સમયની ચર્ચા) હેઠળની સૂચનાઓ. ... | ૫૧ |
| ૨૦. | પત્રક ક્રમાંક-૧૯ ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૯૪ (ધ્યાન ખેંચવા બાબત) હેઠળની સૂચનાઓ. ... | ૫૨ |
| ૨૧. | પત્રક ક્રમાંક-૨૦ વિભાજન. ... | ૫૩ |

ગુજરાત વિધાનસભાના સન ૧૯૬૩ના પ્રથમ અધિવેશન (ફેબ્રુઆરી-માર્ચ-એપ્રિલ)માં થયેલા કામકાજનો ટૂંકો અહેવાલ.

## પ્રારંભિક

ગુજરાત વિધાનસભાનું સન ૧૯૬૩નું પ્રથમ અધિવેશન સોમવાર, તા. ૨૫મી ફેબ્રુઆરી, ૧૯૬૩ના રોજ વિધાનસભાગૃહ અમદાવાદમાં શરૂ થયું હતું અને શનિવાર, તા. ૧૩મી એપ્રિલ, ૧૯૬૩ના રોજ સમાપ્ત થયું હતું. આ અધિવેશનમાં વિધાનસભા કુલ ૩૬ દિવસ મળી હતી અને તેમાં તા. ૨૭મી અને ૨૮મી માર્ચ, અને તા. ૫મી અને ૧૨મી એપ્રિલ, ૧૯૬૩ના રોજ સવારે અને બપોરે એમ બે વખત બેઠકો થઈ હતી, જ્યારે તા. ૨૯મી માર્ચ, ૧૯૬૩ના રોજ બપોરે અને રાત્રે એમ બે વખત બેઠકો થઈ હતી. આમ કુલ ૪૧ બેઠકો થઈ હતી. અધિવેશન દરમિયાન વિધાનસભાએ કુલ ૧૫૮ કલાક અને ૫૫ મિનિટ કામ કર્યું હતું.

## હાજરી

અધિવેશન દરમિયાન એક દિવસે વધારેમાં વધારે હાજરી ૧૧૯ની હતી અને ઓછામાં ઓછી હાજરી ૫૨ હતી. સરેરાશ હાજરી ૯૭ હતી.

## રોજેરોજના કામકાજનો સારાંશ

વિધાનસભાએ રોજેરોજ કરેલા કામકાજનો સારાંશ પત્રક ક્રમાંક-૧માં આપ્યો છે.

## વિધાનસભાની જુદી જુદી સમિતિઓ વગેરે ઉપર સભ્યોની ચૂંટણીઓ અને નિમણૂકો)

અધિવેશન દરમિયાન જાહેર હિસાબ સમિતિ અને અંદાજ સમિતિ ઉપર સભ્યોની ચૂંટણી થઈ હતી (જુઓ પત્રક ક્રમાંક-૨).

અધિવેશન દરમિયાન નીચેની સમિતિઓની અધ્યક્ષશ્રીએ નિમણૂક કરી હતી :—

(૧) સરકારે આપેલ ખાતરીઓ માટેની સમિતિ.
(૨) અરજી સમિતિ.
(૩) બિન-સરકારી સભ્યોના વિધેયકો અને સંકલ્પો માટેની સમિતિ.
(૪) ગૌણવિધાન સમિતિ.

(જુઓ પત્રક ક્રમાંક-૩).

શ્રી ભોગીલાલ તુલસીદાસ લાલાણીએ તેમની વિધાનસભાની બેઠક પરથી રાજીનામું આપ્યું હોવાથી વિશેષાધિકાર સમિતિ પરની તેમની ખાલી પડેલી જગ્યા ભરવા માટે અધ્યક્ષશ્રીએ તા. ૧૧મી એપ્રિલ, ૧૯૬૩ના રોજ વિશેષાધિકાર સમિતિ પર શ્રી ફઝલેઅબ્બાસ જમીનદારની નિમણૂક કરી હતી.

અધ્યક્ષશ્રીએ અધ્યક્ષ અને ઉપાધ્યક્ષની ગેરહાજરીમાં કામ કરવા માટે પ્રમુખોની પેનલની પણ નિમણૂંક કરી હતી. (જુઓ પત્રક ક્રમાંક-૪).

## રાજ્યપાલનું સંબોધન

ભારતના બંધારણના અનુચ્છેદ ૧૭૬ (૧) અનુસાર રાજ્યપાલે ગુજરાત વિધાનસભાને તા. ૨૫મી ફેબ્રુઆરી, ૧૯૬૩ના રોજ બપોરે ૧-૦૦ વાગે સંબોધન કર્યું હતું. અને તે દિવસે શ્રી ગંગારામ રાવલે રાજ્યપાલના સંબોધન માટે આભાર પ્રસ્તાવ રજૂ કર્યો હતો, જેનું શ્રી દિવ્યકાન્ત કુન્દનલાલ

નાણાંવટીએ સમર્થન કર્યું હતું. આભાર દર્શનના પ્રસ્તાવ પર ૧૭૪ સુધારાઓની સૂચના આવી હતી, જેમાંથી અધ્યક્ષશ્રીએ ૧૪ સુધારાઓ અમાન્ય કર્યા હતા. માન્ય કરવામાં આવેલા ૧૬૦ સુધારાઓ-માંથી એક પણ સુધારો ગૃહમાં રજૂ કરવામાં આવ્યો ન હતો.

રાજ્યપાલના સંબોધન ઉપર તા. ૨૮મી ફેબ્રુઆરી અને ૨જી અને ૪થી માર્ચ ૧૯૬૩ના રોજ ચર્ચા કરવામાં આવી હતી. ચર્ચામાં ૫૪ સભ્યોએ ભાગ લીધો હતો. ચર્ચાને અંતે રાજ્યપાલના સંબોધન માટેના આભાર પ્રસ્તાવનો સ્વીકાર કરવામાં આવ્યો હતો.

## અધ્યાદેશ

તા. ૨૮મી ફેબ્રુઆરી ૧૯૬૩ના રોજ સન ૧૯૬૩નો ગુજરાત પંચાયત વિધિઓ (સંશોધન) બાબતનો અધ્યાદેશ ક્રમાંક-૧ વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં આવ્યો હતો.

## સરકારી વિધેયકો

અધિવેશન માટે ૨૭ વિધેયકો કાર્યાવલીમાં બતાવવામાં આવ્યા હતા. વિધેયક ક્રમાંક ૧૨, ૧૩ અને ૨૪ રજૂ કરવામાં આવ્યા ન હતા જ્યારે બાકીનાં બધા વિધેયકો પસાર થયા હતા. (જુઓ પત્રક ક્રમાંક-૫).

## બિન—સરકારી વિધેયકો

(૧) રજૂ કરવાનાં વિધેયકો.

અધિવેશન દરમિયાન ૧૬ બિન—સરકારી વિધેયકોની સૂચનાઓ મળી હતી અને તે માન્ય કરવામાં આવી હતી. ૧૫ વિધેયકો ગૃહમાં રજૂ કરવામાં આવ્યા હતા. જ્યારે એક વિધેયક કે જેને રાષ્ટ્રપતિની પૂર્વ મંજૂરીની જરૂર હતી તે નહિ આવી શકવાને લીધે રજૂ કરી શકાયું ન હતું (જુઓ પત્રક ક્રમાંક-૬).

(૨) પહેલા વાંચન માટેનાં વિધેયકો.

સન ૧૯૬૨ના બીજા અધિવેશનમાં રજૂ કરવામાં આવેલાં બે વિધેયકોનું પહેલું વાંચન કરવામાં આવ્યું હતુ (જુઓ પત્રક ક્રમાંક-૭).

## નાણાકીય કામકાજ

સન ૧૯૬૩-૬૪ના અંદાજપત્ર અનુમાનો તા. ૨જી માર્ચ, ૧૯૬૩ના રોજ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા અને નવા કરવેરાની દરખાસ્તો રજૂ થઇ હતી. આ કરવેરાની દરખાસ્તોમાં પાછળથી તા.૮મી માર્ચ,૧૯૬૨ના રોજ સુધારા કરવામાં આવ્યા હતા. અંદાજપત્રપરની સામાન્ય ચર્ચા તા.૮મી,૧૧મી, ૧૨મી અને ૧૩મી માર્ચ, ૧૯૬૩ના રોજ કરવામાં આવી હતી. આ ચર્ચામાં કુલ ૬૦ સભ્યોએ (મંત્રીશ્રી-ઓ સિવાય) ભાગ લીધો હતો. તા. ૧૬, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૫, ૨૬, ૨૭ અને ૨૮મી માર્ચ, ૧૯૬૩ના રોજ અનુદાનો માટેની માગણીઓ પર ચર્ચા કરવામાં આવી હતી. અને મત લેવામાં આવ્યા હતા. કુલ ૫૦ માગણીઓ ગૃહની મંજૂરી માટે રજૂ કરવામાં આવી હતી. જેમાંની ૨૯ માગણીઓ પર ચર્ચા કરવા-માં આવી હતી. બધી માંગણીઓ ગૃહે મંજુર કરી હતી. (જુઓ પત્રક ક્રમાંક-૮) બધી મળી ને ૪૦ કાપ દરખાસ્તોની સૂચનાઓ આવી હતી. જેમાંથી ૩૭ કાપદરખાસ્તો અધ્યક્ષશ્રીએ દાખલ કરી હતી. દાખલ કરવામાં આવેલી કાપ દરખાસ્તોમાંથી ૨૦ કાપ દરખાસ્તો રજૂ કરવામાં આવી હતી. જેમાંથી ૧૭ કાપ દરખાસ્તો ચર્ચાને અંતે પાછી ખેંચી લીધી હતી. જ્યારે બાકીની ત્રણ કાપ દરખાસ્તો સભાગૃહના મત માટે મૂકાતાં તેનો અસ્વીકાર કરવામાં આવ્યો હતો. (જુઓ પત્રક ક્રમાંક-૯).

સન ૧૯૬૨-૬૩ના વર્ષ માટેનું પૂરક પત્રક માનનીય નાયબ નાણામંત્રીશ્રીએ તા. ૪થી માર્ચ, ૧૯૬૩ ના રોજ સભાગૃહમાં રજૂ કર્યું હતુ. પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન તા. ૧૪મી તથા તા. ૧૫મી માર્ચ ૧૯૬૩ના રોજ કરવામાં આવ્યા હતા. કુલ ૩૬ માગણીઓ ગૃહની મંજૂરી માટે રજૂ કરવામાં આવી હતી; જેમાંથી ૯ પૂરક માગણીઓ પર ચર્ચા કરવામાં આવી હતી. બધી પૂરક માગણીઓ સભાગૃહે મંજૂર કરી હતી. ( જુઓ પત્રક ક્રમાંક-૧૦) બધી મળીને ૬ કાપ દરખાસ્તોની સૂચનાઓ આવી હતી જે બધીજ અધ્યક્ષશ્રીએ દાખલ કરી હતી. દાખલ કરવામાં આવેલી કાપ દરખાસ્તોમાંથી એક કાપ દરખાસ્ત રજૂ કરવામાં આવી હતી પણ તે ચર્ચાને અંતે પાછી ખેંચી લેવામાં આવી હતી. (જુઓ પત્રક ક્રમાંક-૧૧).

તા. ૪થી માર્ચ, ૧૯૬૩ સુધી આકસ્મિક ખર્ચ નિધિમાંથી મંજૂર થયેલ અને જેનો સન ૧૯૬૨-૬૩ના ખર્ચના પૂરક પત્રકમાં સમાવેશ કરવામાં આવ્યો નથી તેવી પેશગીઓ દર્શાવતા વિવરણ પત્રકની રજુઆત માનનીય નાણામંત્રીશ્રીએ તા. ૧૪મી માર્ચ, ૧૯૬૩ના રોજ કરી હતી.

તા. ૩જી એપ્રિલ, ૧૯૬૩ના રોજ માનનીય નાણામંત્રીશ્રીએ સન ૧૯૬૦-૬૧ (તા. ૧લી મે, ૧૯૬૦થી ૩૧મી માર્ચ, ૧૯૬૧ સુધી) ના વર્ષ માટેના વધારાના ખર્ચનું આવેદન પત્ર રજૂ કર્યું હતું. વધારાની માગણી ઓ પર ચર્ચા અને મતદાન તા. ૯મી એપ્રિલ, ૧૯૬૩ના રોજ કરવામાં આવ્યા હતા. કુલ ૯ માગણીઓ ગૃહની મંજૂરી માટે રજૂ કરવામાં આવી હતી, જે બધી સભાગૃહે મંજૂર કરી હતી. (જુઓ પત્રક ક્રમાંક -૧૨)

## તારાંકિત, અતારાંકિત અને ટૂંકી મુદતના પ્રશ્નો

૧૭૭૯ તારાંકિત પ્રશ્નો, ૩૪૦ અતારાંકિત પ્રશ્નો અને ૧૭૧ ટૂંકી મુદતના પ્રશ્નોની સૂચનાઓ મળી હતી આ પ્રશ્નોની સૂચનાઓનો નિકાલ કેવી રીતે કરવામાં આવ્યો તે અને પ્રશ્નોની ખાતાવાર માહિતી આ સાથેના પત્રકો ક્રમાંક ૧૩, ૧૪, અને ૧૫ માં આપવામાં આવી છે.

## વિધાનસભાના મેજ પર મૂકવામાં આવેલા પ્રશ્નોના જવાબો

વિધાનસભાના નિયમોના નિયમ ૮૨ અન્વયે ૧૨૪ પ્રશ્નોના જવાબો તા. ૧૩મી એપ્રીલ ૧૯૬૩ના રોજ સભાગૃહના મેજ પર મૂકવામાં આવ્યા હતા.

## અર્ધા કલાકની ચર્ચા

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૮૩ અન્વયે, સભાગૃહમાં પ્રશ્નોના અપાયેલા ઉત્તરોમાંથી ઉભી થતી જાહેર અગત્યની બાબત ઉપર અર્ધા કલાકનીચર્ચા ઉપસ્થિત કરવા માટેની ચાર સૂચનાઓ મળી હતી. જેમાંથી બે સૂચનાઓ દાખલ કરવામાં આવી હતી. (વધુ વિગતો માટે જુઓ પત્રક ક્રમાંક-૧૬).

## બિન-સરકારી સંકલ્પો

અગાઉ નક્કી કરવામાં આવેલ સભાઓની તારીખવાર યાદી પ્રમાણે તા. ૨૭મી ફેબ્રુઆરી, ૭મી માર્ચ અને ૧૦મી એપ્રિલ, ૧૯૬૩ એમ ત્રણ દિવસો બિન-સરકારી સંકલ્પો માટે નિયત કરવામાં આવ્યા હતા. પરંતુ પાછળથી તેમાં કેટલાક ફેરફારો કરવાથી આખરે તા. ૨૭મી ફેબ્રુઆરી, ૭મી માર્ચ અને ૮મી એપ્રિલ ૧૯૬૩ એમ ત્રણ દિવસોએ બિન-સરકારી સંકલ્પો ચર્ચા માટે લેવામાં આવ્યા હતા. બિન-સરકારી સંકલ્પો ની બધી મળીને કુલ ૧૮૬ સૂચનાઓ આવી હતી જેમાંની ૧૪૯ સૂચનાઓ અધ્યક્ષશ્રીએ દાખલ કરી હતી. દાખલ કરવામાં આવેલ સંકલ્પોની વિગતો નીચે પ્રમાણે છે:—

(૧) રજૂ કરવામાં આવેલ પરંતુ ચર્ચાને અંતે પાછા ખેંચી લીધેલા સંકલ્પોની સંખ્યા (બીજા ૧૮ સંકલ્પો આવાજ હતા) ... ૫

(૨) રજૂ કરવામાં આવેલ પરંતુ સભાગૃહે અસ્વીકાર કર્યો હોય તેવા સંકલ્પોની સંખ્યા (બીજા ૩૬ સંકલ્પો આવાજ હતા) ... ૭

(૩) રજૂ ન થયેલ સંકલ્પોની સંખ્યા. ... —

(૪) નિયમ ૪૩(૨) અને ૯૮ અનુસાર રજૂ ન થયેલ સંકલ્પોની સંખ્યા ... ૩

(૫) સૂચના રદ થઈ હોય તેવા સંકલ્પોની સંખ્યા. ... ૮૦

(જુઓ પત્રક ક્રમાંક-૧૭) ...

### સભા મોકૂફીના પ્રસ્તાવો

સુરત જિલ્લાના નિઝર મહાલમાં તાપી નદીમાં થયેલી હોડી હોનારત અંગે સન ૧૯૬૨ના ત્રીજા અધિવેશન દરમિયાન આવેલી એક સભા મોકૂફીના પ્રસ્તાવની સૂચના અંગે કેટલીક હકીકતોની તપાસ કરવા માટે વધારે સમયની જરૂર હોવાથી, માનનીય અધ્યક્ષશ્રીએ તેને સંમતિ આપવી કે કેમ તે અંગેનો નિર્ણય મોકૂફ રાખ્યો હતો. તા. ૧૪મી જાન્યુઆરી, ૧૯૬૩ના રોજ રાજ્ય સરકારે આ હોનારતની તપાસ કરવા માટે સન ૧૯૫૨ના કમિશન્સ ઓફ ઈન્કવાયરી એકટ હેઠળ એક તપાસ પંચ નિયુકત કર્યું હોવાથી, સૂચનાની બાબત સબ-જ્યુડાઈસ બની હતી. માનનીય અધ્યક્ષશ્રીએ તા. ૨૮મી ફેબ્રુઆરી, ૧૯૬૩ના રોજ સભાગૃહમાં જાહેર કર્યું હતું કે આ સંજોગોમાં સૂચનાને સંમતિ આપી શકાય તેમ નથી.

સત્ર દરમિયાન સભા મોકૂફીના પ્રસ્તાવની એક સૂચના આવી હતી જે ટૂંક સમયની ચર્ચા માટે નિયમ ૯૦ હેઠળ દાખલ કરવામાં આવી હતી. (જુઓ પત્રક ક્રમાંક-૧૮)

### ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૯૦ (ટૂંક સમયની ચર્ચા) હેઠળની સૂચનાઓ

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૯૦ હેઠળ ટૂંક સમયની ચર્ચા ઉભી કરવા માટે કુલ ચાર સૂચનાઓ આવી હતી. આમાં સભા મોકૂફીના પ્રસ્તાવની જે સૂચના નિયમ ૯૦ હેઠળ ટૂંક સમયની ચર્ચા ઉભી કરવા માટે દાખલ કરવામાં આવી હતી તેનો સમાવેશ થાય છે. દાખલ કરવામાં આવેલ બન્ને બાબતો અંગેના વિષયો સબ-જ્યુડાઈસ બનતા હોવાથી, સૂચનાઓ ચર્ચા માટે સભાગૃહમાં લઈ શકાઈ ન હતી.

બાકીની બે સૂચનાઓમાંથી એક લાગતાવળગતા સભ્યશ્રીએ પાછી ખેંચી લીધી હતી અને બીજી નિયમ ૯૪ (ધ્યાન ખેંચવા બાબત) હેઠળ દાખલ કરવામાં આવી હતી. (જુઓ પત્રક માંક-૧૮)

### ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૯૪ (ધ્યાન ખેંચવા બાબત) હેઠળની સૂચનાઓ

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૯૪ હેઠળ તાકીદની જાહેર અગત્યની બાબતો પર ધ્યાન ખેંચવા બાબતની કુલ ૪૧ સૂચનાઓ આવી હતી. કુલ ૬ સૂચનાઓ દાખલ કરવામાં આવી હતી. ત્રણ સૂચનાઓ એક જ વિષયને લગતી હોવાથી તે સૂચનાઓ આપનાર સભ્યોના નામ દાખલ કરેલ સૂચના સાથે જોડવામાં આવ્યા હતા. એક સૂચના જે નિયમ ૯૦ (ટૂંક સમયની ચર્ચા) હેઠળ આવી હતી તે નિયમ ૯૪ (ધ્યાન ખેંચવા બાબત) હેઠળ દાખલ કરવામાં આવી હતી. આમ નિયમ ૯૪ હેઠળ લાગતાવળગતા મંત્રીશ્રીઓએ કુલ ચાર નિવેદનો સભાગૃહમાં કર્યા હતાં (જુઓ પત્રક ક્રમાંક-૧૯).

### ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૨૫૪ હેઠળ અધિવેશનને છેલ્લે દિવસે થઈ શકે તેવા પ્રસ્તાવો

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૨૫૪ હેઠળ અધિવેશનને છેલ્લે દિવસે થઈ શકે તેવા એક પ્રસ્તાવની સૂચના આવી હતી અને તેને નામંજૂર કરવામાં આવી હતી.

## નિયમ ૪૫ હેઠળ મંત્રીશ્રીનું નિવેદન

સત્ર દરમ્યાન ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૪૫ અન્વયે માનનીય મુખ્ય મંત્રીશ્રીએ સુવર્ણ અંકુશ નિયમોની અસર હેઠળ આવેલા સુવર્ણકારો માટેની રાહત યોજના અંગેનું નિવેદન કર્યું હતું.

## સમિતિઓની બેઠકો

અધિવેશન દરમિયાન નીચેની સમિતિઓની બેઠકો થઈ હતી :—

૧. બિન-સરકારી સભ્યોના વિધેયકો અને સંકલ્પો માટેની સમિતિ.
૨. કામકાજ સલાહકાર સમિતિ.
૩. વિશેષાધિકાર સમિતિ.
૪. ગૌણ વિધાન સમિતિ.
૫. વિધાનસભાની બેઠકમાંથી સભ્યોની ગેરહાજરી માટેની સમિતિ.
૬. સદસ્યોના પગાર તથા ભથ્થાના નિયમો અંગેની સમિતિ.
૭. અંદાજ સમિતિ.
૮. જાહેર હિસાબ સમિતિ.

## વિધાનસભામાં રજૂ થયેલા અને/અથવા ચર્ચાયેલા અહેવાલો.

અધિવેશન દરમિયાન નીચે જણાવેલા અહેવાલો વિધાનસભામાં રજૂ થયા હતા અને/અથવા ચર્ચાયા હતા :—

| અનુક્રમાંક | અહેવાલ | રજૂ થયાની મેજ પર મુકવાની તારીખ | ચર્ચાયાની તારીખ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧. | બિન-સરકારી સભ્યોના વિધેયકો અને સંકલ્પો માટેની સમિતિના ચાર અહેવાલો. | ૧. ૨૭- ૨-૧૯૬૩ | |
| | | ૨. ૬- ૩-૧૯૬૩ | |
| | | ૩. ૨૯- ૩-૧૯૬૩ | |
| | | ૪. ૫- ૪-૧૯૬૩ | |
| ૨. | કામકાજ સલાહકાર સમિતિના ૭ અહેવાલો. | ૧. ૨- ૩-૧૯૬૩ | |
| | | ૨. ૨૬- ૩-૧૯૬૩ | |
| | | ૩. ૨૯- ૩-૧૯૬૩ | |
| | | ૪. ૧- ૪-૧૯૬૩ | |
| | | ૫. ૪- ૪-૧૯૬૩ | |
| | | ૬. ૧૦- ૪-૧૯૬૩ | |
| | | ૭. ૧૨- ૪-૧૯૬૩ | |
| ૩. | વિશેષાધિકાર સમિતિના ૨ અહેવાલો. | ૧. ૨૯- ૩-૧૯૬૩ | ૧૦-૪-૬૩ |
| | | ૨. ૨૯- ૩-૧૯૬૩ | ૧૦-૪૬૩ |
| ૪. | ગૌણ વિધાન સમિતિનો બીજો અહેવાલ. | ૧૦- ૪-૧૯૬૩ | — |
| ૫. | ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર કોર્પોરેશનનો સન ૧૯૬૦-૬૧નો વાર્ષિક અહેવાલ. | ૨૭-૧૦-૧૯૬૨ | ૬-૩-૬૩ |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ૬. ભાવનગર પબ્લિક ડેરીનો સન ૧૯૬૦-૬૧નો વાર્ષિક અહેવાલ. | ૩- ૧-૧૯૬૩ | ૫-૪-૬૩ |
| ૭. ગુજરાત કામદાર કલ્યાણ મંડળનો સન ૧૯૬૧–૬૨નો વાર્ષિક અહેવાલ. | ૨૭- ૩-૧૯૬૩ | ૫-૪-૬૩ |
| ૮. સનાડા ગોળીબાર અંગેના તપાસ પંચનો અહેવાલ અને તે ઉપર સરકારે લીધેલા નિર્ણયો. | ૪- ૪-૧૯૬૩ | — |
| ૯. ગુજરાત વિદ્યુત મંડળનું સન ૧૯૬૨-૬૩નું વાર્ષિક નાણાકીય વિવરણ પત્રક. | ૧- ૮-૧૯૬૨ | — |
| ૧૦. ગુજરાત રાજ્ય સેવા કમિશનનો તા. ૧લી મે, ૧૯૬૦થી તા. ૩૧મી માર્ચ, ૧૯૬૧ સુધીનો અહેવાલ. | ૧૧- ૪-૧૯૬૩ | — |
| ૧૧. શિક્ષણ અને સમાજ કલ્યાણ ખાતા ઉપરનો અંદાજ સમિતિનો ત્રીજો અહેવાલ. | ...... | ૫-૩-૧૯૬૩ |
| ૧૨. નાણાં ખાતાએ અંદાજપત્રના શ્વેત પુસ્તકનું કદ ઘટાડવા અંગે સમિતિને સોંપેલ પ્રશ્ન પરનો અંદાજ સમિતિનો ચોથો અહેવાલ. | ...... | ૫-૩-૧૯૬૩ |
| ૧૩. જાહેર હિસાબ સમિતિનો ગુજરાત સરકારના સન ૧૯૬૦-૬૧ના વર્ષના વિનિયોગ હિસાબો અને નાણાકીય હિસાબો તેમજ તે પરના સન ૧૯૬૨ના ઓડિટ રિપોર્ટ પરનો ત્રીજો અહેવાલ. | ૧૫- ૩-૧૯૬૩ | ૯-૪-૧૯૬૩ |
| ૧૪. ખેતીવાડી અને જંગલ ખાતા ઉપરનો અંદાજ સમિતિનો પાંચમો અહેવાલ. | ૧૫- ૩-૧૯૬૩ | ૧૧-૪-૧૯૬૩ |

### શોકદર્શક ઉલ્લેખો

૧. ભારતના માજી રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્રપ્રસાદના અવસાનનો શોકદર્શક ઉલ્લેખ તા. ૧લી માર્ચ, ૧૯૬૩ના રોજ વિધાનસભામાં કરવામાં આવ્યો હતો, અને સદ્‌ગતને સ્મરણાંજલી અર્પ્યા બાદ તેમના માનમાં સભા મુલતવી રહી હતી.

૨. ગત વિધાનસભાના માજી સભ્યશ્રી ડાહ્યાભાઈ મહેતાના અવસાનનો શોકદર્શક ઉલ્લેખ તા. ૪થી એપ્રિલ, ૧૯૬૩ના રોજ કરવામાં આવ્યો હતો.

૩. મુંબઈ વિધાનસભાના માજી સભ્યશ્રી છોટાલાલ ઝ. સુતરીયાના અવસાનનો શોકદર્શક ઉલ્લેખ તા. ૮મી એપ્રિલ, ૧૯૬૩ના રોજ કરવામાં આવ્યો હતો.

### વિભાજન

અધિવેશન દરમ્યાન કુલ ત્રણ વખત વિભાજનની માગણી કરવામાં આવી હતી. (જુઓ પત્રક ક્રમાંક-૨૦)

### સભા ત્યાગ

૧. તા. ૨૯મી માર્ચ, ૧૯૬૩ના રોજ વિધાનસભાના વિરોધપક્ષના સભ્યોએ સભા ત્યાગ કર્યો હતો.

૨. તા. ૫મી એપ્રિલ, ૧૯૬૩ના રોજ સવારની બેઠકમાં વિરોધપક્ષના તમામ સભ્યોએ તથા ત્યાર-બાદ શ્રી રણજીતરાય ગં. શાસ્ત્રીએ સભાત્યાગ કર્યો હતો.

૩. તા. ૧૨મી એપ્રિલ, ૧૯૬૩ના રોજ સ્વતંત્ર પ્રાગતિક જૂથના નેતા શ્રી બાબુભાઈ પ્રા. વૈદ્ય તેમના જૂથના સભ્યો સાથે સભાત્યાગ કર્યો હતો.

### વિધાનસભાની કાર્યવાહી જોવા માટે આવેલા પ્રેક્ષકો

વિધાનસભાના સન ૧૯૬૩ના પ્રથમ સત્ર દરમ્યાન નીચે પ્રમાણે પ્રેક્ષકોએ વિધાનસભાની કાર્યવાહી નિહાળી :—

| | |
|---|---|
| (૧) ૪૫ શાળાઓ તેમજ સંસ્થાઓમાંથી આવેલા પ્રેક્ષકોની સંખ્યા. ... | ૩,૩૭૮ |
| (૨) સંસ્થાઓ તરફથી આવેલા પ્રેક્ષકો સિવાય પ્રેક્ષક દીર્ઘાના પ્રેક્ષકોની સંખ્યા | ૭,૪૬૦ |
| (૩) અધ્યક્ષ દીર્ઘાના પ્રેક્ષકોની સંખ્યા ... ... ... | ૧,૨૬૦ |
| કુલ પ્રેક્ષકોની સંખ્યા ... | ૧૨,૦૯૮ |

પત્રક ક્રમાંક-૧

ગુજરાત વિધાનસભામાં સન ૧૯૬૩ના પ્રથમ અધિવેશન દરમિયાન રોજેરોજ થયેલા કામકાજનો સારાંશ.

સોમવાર, ૨૫મી ફેબ્રુઆરી, ૧૯૬૩.

૧. રાજ્યપાલશ્રીએ સભાગૃહને સંબોધન કર્યું.

૨. શ્રી ગંગારામ ચુ. રાવલે રાજ્યપાલશ્રીના સંબોધન માટે આભાર પ્રસ્તાવ રજૂ કર્યો, જેનું શ્રી દિવ્યકાન્ત કુ. નાણાંવટીએ સમર્થન કર્યું.

૩. અધ્યક્ષશ્રીએ આભાર પ્રસ્તાવ પરના સુધારા અંગેની સૂચનાઓના સ્વીકાર માટેની સમય મર્યાદા જાહેર કરી.

૪. અધ્યક્ષશ્રીએ પ્રમુખોની નિમણૂંક કરી.

૫. સચિવશ્રીએ રાષ્ટ્રપતિશ્રીની અનુમતિ મળી હતી તેવા ૭ વિધેયકોનાં તેમજ રાજ્યપાલશ્રીની અનુમતિ મળી હતી તેવાં ૩ વિધેયકોનાં શીર્ષક વાંચી સંભળાવ્યા.

બુધવાર, ૨૭મી ફેબ્રુઆરી, ૧૯૬૩.

૧. બિન–સરકારી સદસ્યોના વિધેયકો અને સંકલ્પો માટેની સમિતિના પ્રમુખશ્રી પ્રેમજીભાઈ ઠે. લેઉઆએ સમિતિનો પાંચમો અહેવાલ રજૂ કર્યો અને ગૃહે તેનો સ્વીકાર કર્યો.

૨. નીચેના બિન-સરકારી સંકલ્પો સંબંધિત સભ્યોએ રજૂ કર્યા અને ગૃહમાં તે પર ચર્ચા કરવામાં આવી :—

(૧) શ્રી રમણલાલ ના, પટેલે રાજ્યના શહેરોની ગટરોના પાણીનો નિકાલ નદીઓમાં થવા બાબતનો સંકલ્પ રજૂ કર્યો. ચર્ચા થયા બાદ સંકલ્પ સભાગૃહના મત ઉપર મુકાતાં નામંજૂર થયો.

(૨) યુવરાજશ્રી મનોહરસિંહજી પ્ર. જાડેજાએ રાજકોટ વિભાગનાં ઘણાં ગામડાઓમાં પ્રવર્તતી અર્ધ-અછત કે અછતની પરિસ્થિતિને પરિણામે સહકારી મંડળીઓ અને લેંડ મોર્ટગેજ બેંક તરફથી તેમનાં લેણાની ચાલુ વર્ષે ભરવા પાત્ર થતી રકમોમાં રાહત આપવા બાબતનો સંકલ્પ રજૂ કર્યો. ચર્ચા થયા બાદ ગૃહની રજાથી સંકલ્પ પાછો ખેંચી લેવામાં આવ્યો.

(૩) શ્રી મનમોહનદાસ ભ. દેસાઈએ રાજ્યના દરેક સ્તરના કર્મચારીઓ, પ્રધાનમંડળના સભ્યો, ધારાસભ્યો વિગેરેની સન ૧૯૪૭ પહેલાંની આર્થિક સ્થિતિ અંગેની અને સન ૧૯૬૨ સુધીમાં તેમણે મેળવેલી સ્થાવર તેમજ જંગમ મિલકતની માહિતી રાજ્ય સરકાર મેળવે તેની ભલામણ કરતો સંકલ્પ રજૂ કર્યો. ચર્ચા થયા બાદ સંકલ્પ ઉપર મતદાન કરવામાં આવ્યું. તરફેણમાં ૩૧ અને વિરોધમાં ૬૮ મતે સંકલ્પ નામંજૂર થયો.

(૪) શ્રી ભાઈલાલભાઈ દ્યા. પટેલે જમીનના ટૂકડાના પ્રતિબંધનો તથા જમીન એકત્રિકરણ કરવાના ધારાનો અમલ અમુક વિસ્તારને લાગુ ન પાડવાની ભલામણ કરતો સંકલ્પ રજૂ કર્યો. ચર્ચા થયા બાદ ગૃહની રજાથી સંકલ્પ પાછો ખેંચી લેવામાં આવ્યો.

ગુરૂવાર, ૨૮મી ફેબ્રુઆરી, ૧૯૬૩.

૧. પહેલી તારાંકિત યાદીમાંના પ્રશ્નો ક્રમાંક ૮, ૯૮, ૯૧૭, ૨૯૦, ૧૧૨૫, ૮૧૦, ૧૧૩૯, ૬૫૦, (છેલ્લા ત્રણ સાથે) ૬૯૭, ૪૮૨, ૬૦૨, ૧૦૭૧, ૧૭૩૮, ૧૧૫૪, ૧૪૯૭, ૧૬૧, ૧૨૫૧, ૨૧૧૭, (છેલ્લા બે સાથે) ૮૭૮, ૧૦૬૫, ૧૬૧૭, ૧૫૪, ૬૦૬, ૧૦૧૮, (છેલ્લા બે સાથે) ૧૮૯૦,

૨૮૦૦, (છેલ્લા બે સાથે) ૧૨૭, ૩૬૫, ૧૧૯૬, ૭૮૨, ૧૪૭૩, ૪૬૬, ૧૧૬૫, ૧૦૪૦, ૧૨૦૩, ૯૭૪ (છેલ્લા બે સાથે) ૧૧૧૪, ૯૦૧, ૪૬૮, ૧૧૭૩, ૯૭૭, ૧૧૮૮ અને ૧૧૭૪ ના જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલા સભ્યોના પ્રશ્ન ક્રમાંક ૮૫૧, ૧૦૨૯, ૬૬૮, ૭૭૩, ૧૯૭, ૧૩૩૪ અને ૧૮૪૩ અતારાંકિત ગણવામાં આવ્યા.

૨. અધ્યક્ષશ્રીએ જાહેરાત કરી કે :—

(૧) તાપી નદીમાં થયેલી હોડી હોનારત અંગે સભા મોકૂફીની દરખાસ્ત તેમજ—

(૨) વડોદરામાં ગ્લુકોઝ સેલાઈનના વપરાશને લીધે થયેલા મૃત્યુ બાબતની ટૂંક સમયની ચર્ચા માટેની સૂચના અંગે ચર્ચા થઈ શકશે નહિ, કારણ કે સરકારે નીમેલા તપાસ કમિશનના અહેવાલો તૈયાર થયે તેના પર સભાગૃહ ચર્ચા કરી શકશે અને અહેવાલોની નકલો સભ્યોને પૂરી પાડવા માટે સરકારને જણાવવામાં આવશે.

(૩) સન ૧૯૬૩નો અધ્યાદેશ ક્રમાંક ૧ સભાગૃહના મેજ ઉપર મુકાયો.

(૪) રાજ્યપાલના સંબોધન પરના આભાર પ્રસ્તાવ પર ચર્ચા શરૂ કરવામાં આવી. વિરોધ પક્ષના સભ્યોએ આભાર પ્રસ્તાવ પર આપેલા સુધારાઓ રજૂ ન કર્યા. ૧૮ સભ્યોએ ચર્ચામાં ભાગ લીધો અને ચર્ચા અધૂરી રહી.

### શુક્રવાર, ૧લી માર્ચ, ૧૯૬૩.

ભારતના માજી રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્રપ્રસાદના અવસાનનો શોકદર્શક ઉલ્લેખ થયો અને તેમને સ્મરણાંજલિ આપ્યા બાદ સદગત ના માનમા કંઈપણ કામકાજ કર્યા વગર સભા મુલતવી રહી.

### શનિવાર, ૨જી માર્ચ, ૧૯૬૩.

#### સવારની બેઠક

૧. અધ્યક્ષશ્રીએ કામકાજ સલાહકાર સમિતિની ભલામણો વાંચી સંભળાવી જે સ્વીકાર કરવામાં આવી.

૨. રાજ્યપાલના સંબોધન ઉપર ચર્ચા બીજા દિવસે ચાલુ રહી, વધુ ૧૯ સભ્યોએ ભાગ લીધો અને ચર્ચા અધૂરી રહી.

#### બપોરની બેઠક

૩. સન ૧૯૬૩-૬૪ના વર્ષ માટે ગુજરાત રાજ્યના અંદાજ પત્રની રજૂઆત થઈ અને મુખ્ય મંત્રીશ્રીએ અંદાજ પત્ર પરનું તેમનું પ્રવચન વાંચ્યું.

### સોમવાર, ૪થી માર્ચ, ૧૯૬૩.

૧. બીજી તારાંકિત યાદીમાંના પ્રશ્નો ક્રમાંક ૭૦૬, ૯૧૪, ૧૦૪૫, ૧૨૨૪, ૯૯૭, ૧૧૨૭, (છેલ્લા બે સાથે) ૨૫૯, ૧૦૬૭, ૧૨૧૭, ૧૭૦૨, ૩૫૩, ૯૭૦, ૧૧૬૮, ૧૩૪૦, ૧૬૧૯, ૧૨૧૪, ૧૫૯૭, ૧૨૯૧, ૬૯૪, ૯૦૦, ૭૦૭, ૧૦૪૫, ૧૬૧૦, ૯૯૮, ૧૬૧૮, ૧૩૪૭, ૧૫૯૯, ૧૩૦૭, ૧૪૧૯, ૧૪૩૮, ૧૧૩૧, ૧૧૩૩, ૧૨૩૮, ૧૩૭૨ અને ૧૩૭૩ના જવાબ આપવામાં આવ્યાં. ગેરહાજર રહેલા સભ્યોના પ્રશ્નો ક્રમાંક ૭૧૮, ૮૩૭, ૧૪૫૩, ૭૩૩, ૧૨૯૭ અતારાંકિત ગણવામાં આવ્યા.

૨. નાયબ નાણામંત્રીશ્રીએ સન ૧૯૬૨-૬૩ના વર્ષના પૂરક પત્રકની રજૂઆત કરી.

૩. રાજ્યપાલના સંબોધન ઉપર ચર્ચા ચલાવવામાં આવી જેમાં વધુ ૧૪ સભ્યોએ અને ૪ મંત્રીશ્રીઓએ ભાગ લીધો અને ચર્ચા પૂરી કરવામાં આવી. ત્યારબાદ આભાર પ્રસ્તાવનો સ્વીકાર કરવામાં આવ્યો.

મંગળવાર, ૫મી માર્ચ, ૧૯૬૩.

૧. ટૂંકી મુદતનો પ્રશ્ન ક્રમાંક ૩૩૯૨ તેમજ ત્રીજી તારાંકિત યાદીમાંના પ્રશ્નો ક્રમાંક ૧૭૫૦, ૧૭૬૮, ૧૨૦૮, ૧૦૧૫, ૧૩૮૧, ૧૯૯૫, ૯૯૪, ૧૨૨૬, ૧૪૩૨, (છેલ્લા બે સાથે) ૧૭૨૯–૧૭૩૫, ૨૧૨૩, ૨૨૨૫, ૨૩૩૫, (છેલ્લા બે સાથે) ૫૫૭, ૧૬૩૮, ૧૨૬૬, ૨૧૫૫, ૧૬૬૧, (છેલ્લા બે સાથે) ૧૪૭૫, ૧૫૦૯, ૧૫૬૪, ૧૬૦૫, ૧૯૫૨, ૧૪૪૪, ૨૨૭૦, ૧૫૬૧, ૧૭૭૨, ૨૦૪૬, ૧૧૧૭, ૧૩૬૮, ૨૦૯૨, ૧૪૦૯, ૧૮૬૭ અને ૧૮૩૯ ના જવાબો આપવામાં આવ્યા. ગેરહાજર રહેલા સભ્યોના પ્રશ્નો ક્રમાંક ૧૫૮૭, ૧૮૯૩, ૧૬૧૨, ૧૫૮૩ અને ૧૮૮૯ સમયના અભાવે અતારાંકિત ગણવામાં આવ્યા.

૨. અધ્યક્ષશ્રીએ સભ્યશ્રી મનુભાઈ હ. પાલખીવાળાની અટકાયત થયા બાદ છૂટકારો થયો તેની સરકારે ખબર ન આપ્યા તે અંગે ગૃહ ખાતાએ દિલગીરી જાહેર કરી હતી તે સભાગૃહને જણાવ્યું.

૩. નીચેનું સરકારી વિધેયક પસાર થયું :—

સન ૧૯૪૭નું મુંબઈભાડાં, હોટેલ અને નિવાસગૃહ દર નિયંત્રણ અધિનિયમો બાબતનું (સંશોધન) વિધેયક (સન ૧૯૬૩નું ૧લું)

૪. અંદાજ સમિતિના પ્રમુખશ્રીએ સમિતિના ચોથા અહેવાલને વિચારણામાં લેવા માટે રજૂઆત કરી. સમિતિના પ્રમુખના ખુલાસા પછી કોઈ ચર્ચા થઈ નહિ.

૫. અંદાજ સમિતિના પ્રમુખશ્રીએ સમિતિના ત્રીજા અહેવાલને વિચારણામાં લેવા માટે રજૂઆત કરી ત્યારબાદ અહેવાલ પર ચર્ચા થઈ

બુધવાર, ૬ઠ્ઠી માર્ચ, ૧૯૬૩.

૧. ચોથી તારાંકિત યાદીમાંના પ્રશ્નો ક્રમાંક ૩૬૦, ૧૧૪૫, ૧૫૨૮, ૨૦૧૮, ૧૩૫૪, ૨૨૪૮, ૧૫૨૨, ૧૭૬૦, ૨૧૦૫, ૨૦૬૦, ૧૬૯૭, ૯૩૮, ૧૬૦૧, ૧૩૪૨, ૧૧૭૨, ૧૯૭૪, ૨૨૧૩, ૧૭૭૭, ૨૧૧૪, ૧૬૯૯, ૧૩૪૬, ૧૨૩૦, ૨૧૧૯, ૧૪૧૩, ૧૨૩૧, ૧૫૧૬, ૧૨૩૩, ૧૫૩૨, ૧૩૭૦, ૧૪૦૪, ૧૫૬૯, ૨૧૩૫ અને ૨૨૩૪ના જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલા સભ્યોના પ્રશ્ન ક્રમાંક ૧૬૫૦, ૧૩૪૧, ૨૯૨, ૨૧૭૨, ૨૨૪૨, ૨૧૭૬ અને ૧૯૭૮ અતારાંકિત ગણવામાં આવ્યા.

૨. બિન-સરકારી વિધેયકો અને સંકલ્પો માટેની સમિતિનો છઠ્ઠો અહેવાલ રજૂ થયો અને તે સ્વીકારવામાં આવ્યો.

૩. ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર કોર્પોરેશનનાં ૧લી મે, ૧૯૬૦થી ૩૧મી માર્ચ, ૧૯૬૧ સુધીના સમય માટેના કામકાજના અહેવાલ પર ચર્ચા શરૂ થઈ. ૧૭ સભ્યોએ ચર્ચામાં ભાગ લીધો. માર્ગ વાહન વ્યવહારના મંત્રીશ્રીએ ચર્ચાનો જવાબ આપ્યો. ચર્ચા પૂરી થઈ.

ગુરૂવાર, ૭મી માર્ચ, ૧૯૬૩.

૧. ટૂંકી મુદતનો પ્રશ્ન ક્રમાંક ૩૪૦૩ તેમજ પાંચમી તારાંકિત યાદીમાંના પ્રશ્ન ક્રમાંક ૨૦૬૨, ૩૧૯, ૧૦૧૭, ૧૦૬૩, ૩૧૭, ૧૯૦૧, ૧૯૧૨, ૨૧૦૬, ૧૫૦૮, ૧૪૬૪, ૨૨૪૪, ૧૭૭૧, ૧૮૮૪, ૧૫૦૫, ૧૪૬૭, ૧૪૭૪, ૧૯૦૯, ૧૭૧૧, ૨૪૬૧, ૨૩૭૨, ૧૨૮૬, ૧૪૧૧, ૨૦૧૦, ૧૬૩૯, ૧૭૭૫, ૨૦૧૭, ૧૭૧૨, ૧૫૪૯, ૧૪૨૧, ૨૦૩૮, ૨૨૨૯, ૧૭૮૦, ૧૮૨૧, ૨૦૩૯, ૧૮૬૧ અને ૧૮૬૨ના જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલા સભ્યોના પ્રશ્ન ક્રમાંક ૧૦૭૩, ૧૫૯૧ અને ૨૩૯૬ અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્ન ક્રમાંક ૧૪૩૪નો અંશતઃ જવાબ આપવામાં આવ્યો અને તે મુલતવી રાખવામાં આવ્યો.

પહેલી અતારાંકિત યાદી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.

૨. નીચેના બિન-સરકારી સંકલ્પો સંબંધિત સભ્યોએ રજૂ કર્યા અને ગૃહમાં તે પર ચર્ચા કરવામાં આવી :—

(૧) મહારાવલશ્રી જયદિપસિંગ વતી શ્રી રમણલાલ ના. પટેલે રાજ્ય વહીવટમાં કરકસર કરવા માટે પ્રધાન મંડળના સભ્યોની સંખ્યામાં તેમજ જુદા જુદા ખાતાઓમાં થતાં ખર્ચમાં ઘટાડો કરવાની ભલામણ કરતો સંકલ્પ રજૂ કર્યો. ચર્ચા થયા બાદ સંકલ્પ પર મત લેવાતાં તે ઉડી ગયો.

(૨) શ્રી નાગજીભાઈ ગો. આર્ય રાજ્યમાંથી અસ્પૃશ્યતાને નાબૂદ કરવા વ્યવસ્થિત આયોજન કરવા માટે એક સમિતિ નીમવાની ભલામણ કરતો સંકલ્પ રજૂ કર્યો. ચર્ચા થયા બાદ સભ્યશ્રીએ સભાગૃહની મંજૂરીથી સંકલ્પ પાછો ખેંચી લેવા માટે વિનંતી કરી પરંતુ એક સભ્યશ્રી તરફથી વાંધો લેવામાં આવ્યો. સંકલ્પ પર મત લેવાતાં તે ઉડી ગયો.

(૩) શ્રી ઉદેસિંહ વી. વડોદિયાએ તાજેતરમાં સિંચાઈના દરમાં કરાયેલો વધારો પડતો મૂકવાની ભલામણ કરતો સંકલ્પ રજૂ કર્યો, ચર્ચા થયા બાદ સંકલ્પ પર મત લેવાતાં તે ઉડી ગયો.

(૪) શ્રી બ્રહ્મકુમાર આર. ભટ્ટે રાજ્ય વહીવટમાં ચાલેલી તુમારશાહી, શિથિલતા વગેરે પ્રશ્નોનો અભ્યાસ કરવા એક સમિતિ નીમવાની ભલામણ અંગેનો સંકલ્પ રજૂ કર્યો. ચર્ચા થયા બાદ સંકલ્પ પર મત લેવાતાં તે ઉડી ગયો.

## શુક્રવાર, ૮મી માર્ચ, ૧૯૬૩.

૧. તા. ૭-૩-૬૩ના રોજ પાંચમી તારાંકિત યાદીમાંનો મુલતવી રાખેલો પ્રશ્ન ક્રમાંક ૧૪૩૪ તેમજ છઠ્ઠી તારાંકિત યાદીમાંના પ્રશ્ન ક્રમાંક ૧૩૨૨, ૧૭૩૯, ૧૭૦૭, ૧૯૧૫, ૨૧૭૦, ૨૨૭૦, ૨૦૭૧,૧૯૨૨, ૧૦૩૮, ૧૦૭૦, ૧૬૬૨, ૨૦૨૦, ૧૧૮૧, ૧૩૩૯, ૨૩૫૪,૧૪૩૦,૧૭૩૬, ૧૮૮૫, ૨૦૨૯, ૨૧૧૩, ૨૫૧૬, ૧૯૪૧, ૧૫૭૦, ૧૮૧૦, ૨૦૧૩, ૨૨૨૧, ૨૨૧૨, ૧૯૩૧, ૧૨૮૫, ૨૩૦૪, ૨૨૪૬ અને ૨૫૩૭ના જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલા સભ્યોના પ્રશ્ન ક્રમાંક ૧૬૦૬, ૨૪૦૪, ૧૭૭૩, ૧૯૮૬, ૧૭૫૭, ૧૮૦૧, ૧૮૯૯ અને ૧૯૮૮ અતારાંકિત ગણવામાં આવ્યા.

૨. અંદાજ પત્ર પર સામાન્ય ચર્ચા શરૂ થતાં પહેલાં કરવેરાની દરખાસ્તો સુધારવા અંગે મુખ્ય-મંત્રીશ્રીએ તેમનું ટૂંકુ નિવેદન વાંચ્યું.

શ્રી રમણલાલ ના. પટેલે ઔચિત્યનો પ્રશ્ન ઉપસ્થિત કર્યો કે મુખ્ય-મંત્રીશ્રીના નિવેદન ઉપર વિચાર કરવા માટે સમય ન હોવાથી ચર્ચા મુલતવી રહે. ઔચિત્યનો પ્રશ્ન નામંજૂર રાખવામાં આવ્યો.

અધ્યક્ષશ્રીએ અંદાજ પત્ર ઉપર સામાન્ય ચર્ચા અંગે સમજણ આપી. ત્યાર પછી સન ૧૯૬૩-૬૪ના અંદાજ પત્ર ઉપર સામાન્ય ચર્ચા શરૂ થઈ.

## સોમવાર, ૧૧મી માર્ચ, ૧૯૬૩.

૧. ટૂંકી મુદતના પ્રશ્ન ક્રમાંક ૩૪૦૪ તેમજ સને ૧૯૬૨ના બીજા સત્ર દરમ્યાન તા. ૩૧-૭-૬૨ના રોજ તારાંકિત સત્તરમી યાદીનો મુલતવી રાખેલો પ્રશ્ન ક્રમાંક ૫૨૧ તેમજ સાતમી તારાંકિત યાદીમાંના પ્રશ્ન ક્રમાંક ૨૧૦૦, ૧૧૪૭, ૧૪૩૬, ૨૩૨૯, ૧૬૬, ૧૧૬૨, ૧૩૭૭, ૧૨૦૯, ૧૪-૧૫, ૧૯૫૦, ૨૨૧૦, ૧૯૧૩, ૨૫૦૭, ૧૨૨૫, ૨૧૧૨, ૧૨૬૧, ૨૫૨૮, ૨૩૪૩, ૨૦૪૦, ૧૫૧૫, ૨૩૧૮, ૨૧૧૫, ૨૪૫૯, ૨૩૫૩, ૨૦૫૦, ૧૮૬૪, ૨૬૦૦, ૧૯૩૯, ૨૬૨૦, ૨૦૯૭ અને ૨૨૧૫ના જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલા સભ્યોના પ્રશ્નો ક્રમાંક ૩૫૨૩, ૨૪૪૬, ૧૩૨૦, ૧૭૦૧, ૨૩૯૪, ૫૬૪, ૧૯૬૦, ૧૯૭૫, ૨૫૮૩ અને ૧૮૦૮ અતારાંકિત ગણવામાં આવ્યા.

૨. મુખ્ય મંત્રીશ્રીએ સુવર્ણ અંકુશ નિયમોની અસર હેઠળ આવેલા સુવર્ણકારો માટેની રાહત યોજના બાબત નિવેદન કર્યું.

૩. સન ૧૯૬૩-૬૪ના અંદાજ પત્ર ઉપર બીજા દિવસ માટે ચર્ચા શરૂ થતાં પહેલાં, શ્રી બ્રહ્મકુમાર ર. ભટ્ટે મુખ્ય મંત્રીશ્રીના તા. ૮-૩-૬૩ના કરવેરાની દરખાસ્તોમાં સુધારા કરવા અંગેના નિવેદન પર બંધારણની કલમ ૩૦૨(૧) અને વિધાનસભાના નિયમ ૨૦૭ અન્વયે ઔચિત્યનો પ્રશ્ન ઉપસ્થિત કર્યો જેનો નિર્ણય અધ્યક્ષશ્રીએ વિશ્રાંતિ બાદ આપ્યો કે ઔચિત્યનો ભંગ થયો નથી. સામાન્ય ચર્ચા ચાલુ રહી.

મંગળવાર, ૧૨મી માર્ચ, ૧૯૬૩.

૧. ટૂંકી મુદતના પ્રશ્ન ક્રમાંક ૩૩૯૩ અને ૩૪૮૩ તેમજ આઠમી તારાંકિત યાદીમાંના પ્રશ્ન ક્રમાંક ૫૯૪, ૧૦૫૯, ૧૨૭૩, ૨૨૬૧, ૨૨૮૦, ૯૪૦, ૧૮૪૪, ૨૦૧૪, ૨૨૫૩, ૨૬૬૩, (છેલ્લા બે સાથે) ૨૮૨, ૧૪૬૫, ૨૧૮૧, ૧૪૦૨, ૧૭૫૧, ૧૮૩૩, ૧૦૬૬, ૧૫૫૪, ૨૨૬૨, ૨૨૮૮, ૧૯૭૩, ૨૪૨૦, ૧૫૧૭, ૨૦૫૬, ૧૭૫૪, ૨૦૧૨, ૨૪૯૬, ૨૫૮૫, ૨૬૦૬, ૨૧૩૬, ૨૨૪૧, ૨૧૪૪ અને ૨૭૨૩ના જવાબ આપવામાં આવ્યા. ગેરહાજર રહેલા સભ્યોના પ્રશ્નો ક્રમાંક ૨૨૪૩, ૧૯૭૬, ૨૧૦૮, ૨૪૦૬, ૧૨૧૮, ૧૨૨૮ અને ૨૦૫૨ અતારાંકિત ગણવામાં આવ્યા.

૨. સન ૧૯૬૩-૬૪ના અંદાજ પત્ર ઉપર ત્રીજા દિવસ માટે સામાન્ય ચર્ચા ચાલુ રહી.

બુધવાર, ૧૩મી માર્ચ, ૧૯૬૩.

૧. ટૂંકી મુદતના પ્રશ્ન ક્રમાંક ૩૩૯૧ તેમજ નવમી તારાંકિત યાદીમાંના પ્રશ્ન ક્રમાંક ૧૯૬૮, ૨૪૨૧ (બન્ને સાથે) ૨૧૦૪, ૨૫૫૫, ૧૮૨૬, ૬૭, ૧૧૮૭ (છેલ્લા બે સાથે) ૮૫૨, ૧૭૯૭, ૭૪૨, ૧૫૧૦, ૧૮૪૦, ૪૮૫, ૧૫૦૨, ૮૦૧, ૧૯૬૧, ૨૧૫૦, ૨૩૨૨, ૨૦૧૧, ૨૧૦૭, ૨૩૪૨, ૧૪૨૬, ૨૨૯૦, ૨૧૫૭, ૨૫૫૧, ૧૨૬૪, ૧૯૬૪, ૨૨૨૨, ૨૦૪૧, ૨૩૪૭, ૧૪૬૧, ૧૫૭૩, ૨૪૯૮, ૨૦૮૫, અને ૨૫૯૮ના જવાબો આપવામાં આવ્યાં.

ગેરહાજર રહેલા સભ્યોના પ્રશ્નો ક્રમાંક ૨૨૯૯, ૧૭૭૪, અને સમયના અભાવે બાકી રહેલા પ્રશ્નો ક્રમાંક ૨૦૯૩, ૨૬૭૦ અને ૨૨૩૮ અતારાંકિત ગણવામાં આવ્યા.

૨. સન ૧૯૬૩-૬૪ના અંદાજ પત્ર ઉપર ચોથા દિવસ માટે સામાન્ય ચર્ચા ચાલુ રહી અને તે પૂરી થઈ.

ગુરૂવાર, ૧૪મી માર્ચ, ૧૯૬૩.

૧. ટૂંકી મુદતના પ્રશ્નો ક્રમાંક ૩૪૦૦ અને ૩૫૬૧ તેમજ દસમી તારાંકિત યાદીમાંના પ્રશ્ન ક્રમાંક ૧૯૦૪, ૧૦૬૦, ૧૧૫૨, ૧૭૨૧, ૧૮૦૯, ૨૦૦૬, ૧૨૬૮, ૨૬૫૬, ૨૧૧૧, ૭૭૪, ૧૩૨૪, ૧૫૪૮, ૨૧૫૧, ૨૫૦૦, ૨૬૫૦, ૧૫૯૮, ૧૭૬૬, ૧૪૧૬, ૧૭૨૨, ૧૮૧૭, ૨૨૩૯, ૨૨૦૯, ૨૬૬૭, ૨૨૭૬, ૧૭૫૨, ૨૧૯૫, ૧૮૬૩, ૨૨૩૩, ૨૨૭૯, ૨૩૮૯, ૨૨૩૭, ૨૭૫૦, ૨૩૭૮, ૨૬૮૨ અને ૨૬૯૭ના જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલા સભ્યોના પ્રશ્નો ક્રમાંક ૧૮૦૨, ૨૨૧૮, ૧૪૯૬, ૧૭૩૦, ૧૯૦૫ અને ટૂંકી મુદતનો પ્રશ્ન ક્રમાંક ૩૪૭૯ અતારાંકિત ગણવામાં આવ્યા.

તા. ૧૧-૩-૬૩ના રોજ સભાગૃહમાં સાતમી તારાંકિત યાદીમાં સભ્યશ્રી મનુભાઈ હ. પાલખીવાળાએ પૂછેલા પ્રશ્ન ક્રમાંક ૨૬૦૦ ઉપર પૂછવામાં આવેલ પૂરક પ્રશ્નના અપાયેલા જવાબમાં, મહેસૂલ ખાતાના માનનીય નાયબ મંત્રી શ્રી માધવસિંહ સોલંકીએ નિવેદન કર્યું.

૨. મુખ્ય મંત્રીશ્રીએ, તા. ૪થી માર્ચ, ૧૯૬૩ સુધી આકસ્મિક ખર્ચ નિધિમાંથી મંજૂર થયેલી પેશગીઓ જેનો સન ૧૯૬૨-૬૩ના ખર્ચના પૂરક પત્રકમાં સમાવેશ કરવામાં આવ્યો નથી; તેવી પેશગીઓ દર્શાવતા વિવરણ પત્રની રજૂઆત કરી.

૩. પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન શરૂ થયું. ખાતાના મુખ્યસદર "૧૦, આબકારી જકાત," "૧૯, સામાન્ય વહીવટ," "૨૩, પોલીસ," "૨૬, પરચૂરણ વિભાગો" અને "૩૧, કૃષિ" અન્વયેની માગણીઓ રજૂ કરવામાં આવી.

અધ્યક્ષશ્રીએ પૂરક માગણીઓ પરની ચર્ચાના અવકાશ વિષે ગૃહમાં ખુલાસો કર્યો. એક કાપ દરખાસ્ત રજૂ થઈ અને તેની સાથે સામાન્ય ચર્ચા શરૂ થઈ.

કાપ દરખાસ્ત ગૃહની મંજૂરીથી પાછી ખેંચી લેવામાં આવી. ત્યાર બાદ માગણીઓ મંજૂર કરવામાં આવી.

### શુક્રવાર, ૧૫મી માર્ચ, ૧૯૬૩.

૧. ટૂંકી મુદતના પ્રશ્ન ક્રમાંક ૩૫૨૫ તેમજ અગિયારમી તારાંકિત યાદીમાંના પ્રશ્ન ક્રમાંક ૧૬૨૦, ૧૪૧૮, ૧૫૬૬, ૧૭૪૫, ૧૯૫૧, ૨૨૭૨, ૧૩૫૧, ૧૨૫૬, ૧૯૯૨, ૨૦૪૫, ૧૯૫૫, ૧૧૬૬, ૧૪૫૭, ૧૫૮૬, ૨૫૩૩, ૨૫૭૨, ૧૮૯૮, ૨૦૮૨, ૨૩૦૬, ૨૩૬૫, ૨૦૦૨, ૨૨૧૪, ૧૨૭૪, ૨૦૮૭, ૨૧૫૮, ૧૮૭૦, ૧૪૬૯, ૨૩૧૦, ૨૫૭૫, ૧૨૭૬, ૨૧૬૨, ૨૧૪૮, ૧૫૭૨, ૨૨૦૫, અને ૨૨૩૫ના જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલા સભ્યોના પ્રશ્નો ક્રમાંક ૨૪૦૩, ૧૪૪૭, ૨૪૪૪, ૧૩૮૩ અને ૧૪૫૬ અતારાંકિત ગણવામાં આવ્યા.

૨. અધ્યક્ષશ્રીએ અરજી સમિતિની અને સરકારે આપેલી ખાતરીઓ ઉપરની સમિતિની નિમણૂંક કરી.

૩. જાહેર હિસાબ સમિતિના પ્રમુખે સમિતિના ત્રીજા અહેવાલની રજૂઆત કરી.

૪. અંદાજ સમિતિના પ્રમુખે સમિતિના પાંચમા અહેવાલની રજૂઆત કરી.

૫. પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન બીજા અને છેલ્લા દિવસ માટે ચાલુ રહ્યું. ખાતાના મુખ્ય સદર "૩૪, સહકાર," "૫૦, જાહેર કામો," "૯૬, ઔદ્યોગિક વિકાસપર ખર્ચેલી મૂડી," "ક્યુ, રાજ્ય સરકાર તરફથી લોન અને પેશગી" અન્વયેની માગણીઓ પર સામાન્ય ચર્ચા થઈ અને તે મંજૂર કરવામાં આવી.

૪-૦૦ વાગે બાકીની બધીજ માગણીઓ સભાગૃહ સમક્ષ મૂકવામાં આવી અને કંઈપણ ચર્ચા વગર મંજૂર કરવામાં આવી.

### શનિવાર, ૧૬મી માર્ચ, ૧૯૬૩.

૧. નીચેનું સરકારી વિધેયક પસાર થયું.

ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક (૧૯૬૩નું ૧૮મું).

૨. માગણીઓ પર મતદાન શરૂ થયું. ખાતાના મુખ્યસદર "૯, જમીન મહેસૂલ," "૩૩-એ, ડાંગ જિલ્લો," "૬૪, દુષ્કાળ રાહત," "૭૬, બીજા પરચુરણ ફાળા અને નામફેર," હેઠળ માગણીઓ રજૂ કરવામાં આવી. ચાર કાપ દરખાસ્તો રજૂ થઈ અને તેની સાથે માગણીઓ ઉપર સામાન્ય ચર્ચા શરૂ થઈ. ચારે કાપ દરખાસ્તો ગૃહની મંજૂરીથી પાછી ખેંચી લેવામાં આવી. ત્યારબાદ માગણીઓ મંજૂર કરવામાં આવી.

૩. અધ્યક્ષશ્રીએ સભ્ય શ્રી ભોગીલાલ નુ. લાલાણીની વિધાનસભાના સભ્યપદેથી રાજીનામું આપ્યા બાબતની જાહેરાત કરી.

સોમવાર, ૧૮મી માર્ચ, ૧૯૬૩.

૧. ટૂંકી મુદતના પ્રશ્નો ક્રમાંક ૩૫૦૪, ૩૫૦૫ અને ૩૫૦૯ તેમજ બારમી તારાંકિત યાદીમાંના પ્રશ્ન ક્રમાંક ૧૪૯૨, ૬૫૨, ૨૫૭૮, ૨૧૫૩, ૧૯૯૧, ૧૫૨૬, ૧૧૨૨, ૧૧૭૬, ૧૭૫૩, ૨૮૨૭, ૧૩૩૬, ૧૯૩૪, ૨૫૧૭, ૨૫૬૬, ૧૮૨૪, ૨૬૮૩, ૨૦૦૫, ૧૧૮૪, ૨૧૪૧, ૨૦૩૬, ૨૦૫૭, ૧૮૧૧, ૨૦૬૩, ૨૨૭૮, ૨૬૦૩, ૨૨૮૨, ૨૬૫૮, ૨૪૭૩, ૨૬૫૯, ૨૭૦૬ અને ૧૫૪૫ના જવાબ આપવામાં આવ્યાં.

ગેરહાજર રહેલા સભ્યોના ટૂંકી મુદતનો પ્રશ્ન ક્રમાંક ૩૫૫૧, તથા તારાંકિત પ્રશ્નો ક્રમાંક ૨૯૦૩, ૨૨૫૪, ૨૧૨૭, ૧૫૦૧, ૧૫૫૭, ૧૪૭૭, ૨૧૮૮ અને ૨૬૨૬ અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્ન ક્રમાંક ૨૬૭૪ પાછો ખેંચી લેવામાં આવ્યો હોવાથી પૂછાયો ન હતો.

૨. અધ્યક્ષશ્રીએ બિન સરકારી સભ્યોના વિધેયકો અને સંકલ્પો માટેની સમિતિ અને ગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિની નિમણૂંક કરી.

૩. અધ્યક્ષશ્રીએ જાહેર હિસાબ સમિતિ અને અંદાજ સમિતિની ચૂંટણીઓના કાર્યક્રમની જાહેરાત કરી.

૪. માગણીઓ પર મતદાન બીજા દિવસ માટે ચાલુ રહ્યું. ખાતાના મુખ્ય સદર "૩૮, મજૂર અને રોજગારી," "૧૦, રાજ્ય આબકારી જકાત" અન્વયેની માગણીઓ પર સામાન્ય ચર્ચા થઇ અને તે મંજૂર કરવામાં આવી.

મંગળવાર, ૧૯મી માર્ચ, ૧૯૬૩.

૧. ટૂંકી મુદતનો પ્રશ્ન ક્રમાંક ૩૫૫૨ તેમજ તેરમી તારાંકિત યાદીમાંના પ્રશ્ન ક્રમાંક ૧૨૮૩, ૧૩૮૨, ૬૦૧, ૨૬૨૭, ૪૨૬, ૧૪૯૩, ૧૬૦૩, ૧૭૫૮, ૧૯૪૦, ૨૮૨૫, (છેલ્લા બે સાથે) ૧૭૯૨ ૨૦૭૯, ૧૨૨, ૨૫૧૩, ૨૮૪૯, ૭૮૪, ૧૩૬૬, ૨૭૦૮, ૧૮૨૭, ૨૬૨૮, ૧૪૧૦, ૧૫૯૪, ૧૯૬૭, ૧૯૫૬, ૧૩૦, ૨૮૭૩, ૨૦૫૯, ૧૫૩૩, ૯૪૯, ૨૬૧૮, ૨૫૮૬, ૧૬૭૩, ૨૬૨૪ અને ૧૬૭૭ ના જવાબ આપવામાં આવ્યા.

ગેર હાજર રહેલા સભ્યોના પ્રશ્નો ક્રમાંક ૧૭૫૫, ૧૮૦૩, ૨૧૦૩, ૧૪૫, ૯૫૫ અને ૨૩૯૮ અતારાંકિત ગણવામાં આવ્યા.

બીજી અતારાંકિત યાદી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.

૨. માગણીઓ પર મતદાન ત્રીજા દિવસ માટે ચાલુ રહ્યું. ખાતાના મુખ્ય સદર "૩૫, ઉદ્યોગો," "૫૩, બંદરો અને બંદર વિષયક માર્ગ દર્શન" અને "૧૧૦, બંદરો પર ખર્ચેલી મૂડી" હેઠળ માગણીઓ રજૂ કરવામાં આવી. બે કાપ દરખાસ્તો રજૂ થઇ અને તેની સાથે માગણીઓ ઉપર સામાન્ય ચર્ચા ચાલુ રહી, બન્ને કાપ દરખાસ્તો ગૃહની મંજૂરીથી પાછી ખેંચી લેવામાં આવી. ત્યાર બાદ માગણીઓ મંજૂર કરવામાં આવી.

બુધવાર, ૨૦મી માર્ચ, ૧૯૬૩.

૧. ચૌદમી તારાંકિત યાદીમાંના પ્રશ્ન ક્રમાંક ૧૫૦૪, ૧૪૯૯, (બંને સાથે) ૭૯૭, ૧૧૬૭, ૧૫૭૮, (છેલ્લા બે સાથે) ૧૮૦૫, ૧૭૪૬, , ૬૨૪, ૨૫૯૩, ૨૧૭૯, ૨૨૮૭, ૨૪૧૭, ૧૫૨૫, ૧૨૭૭,

૧૬૨૪, ૨૫૨૯, ૧૮૯૫, ૨૧૯૩, ૨૩૬૨, (છેલ્લા બે સાથે) ૨૬૧૯, ૮૯૯, ૧૬૪૩, ૧૨૩૩, ૨૦૮૬, ૨૭૫૨, ૨૬૦૭, ૨૦૯૧ અને ૨૭૬૮ ના જવાબો આપવામાં આવ્યા.

પ્રશ્ન ક્રમાંક ૧૫૯૦ નો અંશત: જવાબ આપવામાં આવ્યો અને તે મુલતવી રાખવામાં આવ્યો.

ગેર હાજર રહેલા સભ્યોના પ્રશ્ન ક્રમાંક ૧૯૮૯, ૨૦૫૪, ૧૮૯૨, ૨૩૯૫, ૧૬૫૪, ૨૧૦૯, ૧૨૯૯, ૨૨૩૧, ૨૪૦૭ અને ૨૨૩૨ અતારાંકિત ગણવામાં આવ્યા.

૨. અધ્યક્ષશ્રીએ સદસ્ય નિવાસમાં જગ્યા આપવા તથા તેની વ્યવસ્થા કરવા માટેની સમિતિની નિમણૂંક કરી.

૩. માંગણીઓ પર મતદાન ચોથા દિવસ માટે ચાલુ રહ્યું. ખાતાના મુખ્ય સદર "૧૯, સામાન્ય વહીવટ" હેઠળ માગણી રજૂ કરવામાં આવી. બે કાપ દરખાસ્તો રજૂ થઈ અને તેની સાથે માંગણી ઉપર સામાન્ય ચર્ચા ચાલુ રહી. બન્ને કાપ દરખાસ્તો ગૃહની મંજૂરીથી પાછી ખેંચી લેવામાં આવી ત્યાર બાદ માગણી મંજૂર કરવામાં આવ્યા.

## ગુરૂવાર, ૨૧મી માર્ચ, ૧૯૬૩.

૧. પંદરમી તારાંકિત યાદીમાંના પ્રશ્ન ક્રમાંક ૧૩૩૫, ૨૨૦૩, ૨૩૩૧, ૭૧૦, ૧૫૭૧, ૨૧૧૦, ૨૧૬૯, ૫૭૯, ૨૬૩૮, (છેલ્લા બે સાથે) ૨૫૧૮, ૧૮૯૪, ૧૬૮૭, ૨૧૬૭, ૨૭૪૮, ૧૭૧૮, ૨૦૨૪, ૨૫૪૮, ૨૩૩૮, ૧૯૨૫, ૨૫૨૩, ૨૯૨૬, (છેલ્લા બે સાથે) ૨૦૪૮, ૨૩૭૪, ૨૩૭૫, ૨૨૨૩, ૨૬૦૨, ૨૬૧૨, ૨૬૩૪, ૨૭૨૫ અને ૨૭૫૭ના જવાબ આપવામાં આવ્યા.

ગેર હાજર રહેલા સભ્યોના પ્રશ્ન ક્રમાંક ૨૪૨૨, ૧૫૩૭, ૨૪૨૫, ૧૭૦૮, ૧૭૧૬, ૧૭૫૯, ૨૭૬૬, ૨૦૫૫, અને ૧૮૯૬ અતારાંકિત ગણવામાં આવ્યા.

૨. માગણીઓ પર મતદાન પાંચમા દિવસ માટે ચાલુ રહ્યું. ખાતાના મુખ્ય સદર "૨૭, વૈજ્ઞાનિક વિભાગો," "૨૮, શિક્ષણ," "૩૯, પરચૂરણ, સામાજિક અને વિકાસલક્ષી સંઘટનો" હેઠળ માગણીઓ રજૂ કરવામાં આવી. ત્રણ કાપ દરખાસ્તો રજૂ થઈ અને તેની સાથે માગણીઓ ઉપર સામાન્ય ચર્ચા ચાલુ રહી. મત લેવાતાં કાપ દરખાસ્તો નામંજૂર થઈ. ત્યારબાદ માગણીઓ મંજૂર કરવામાં આવી.

## શુક્રવાર, ૨૨મી માર્ચ, ૧૯૬૩.

૧. સોળમી તારાંકિત યાદીમાંના પ્રશ્ન ક્રમાંક ૧૭૮૮, ૧૨૩૪, ૩૭૫, ૧૩૨૬, ૨૦૯૬, ૨૪૮૫, ૨૭૮૯, ૨૦૩૩, ૧૪૩૧, ૧૫૯૩, ૧૬૬૯, ૨૫૮૧, ૨૭૩૦, ૧૭૬, ૧૪૫૪, ૧૭૯૮, ૧૨૩૬, ૮૮૨, ૧૩૨૮, ૨૬૦૯, ૨૮૦૨, ૨૦૪૯, ૧૭૩૩, ૨૫૬૨, ૨૨૩૬, ૨૪૧૮, ૧૮૧૨, ૨૬૧૫, ૨૮૪૧, ૨૦૮૯, અને ૧૭૩૪ના જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલા સભ્યોના પ્રશ્ન ક્રમાંક ૧૦૦૦, ૧૭૦૦, ૪૦૨, ૧૪૪૮, ૨૦૨૮, ૧૨૫૪ અને ૨૩૯૯, તેમજ સમયના અભાવે પ્રશ્ન માંક ૨૩૮૬ અને ૨૪૩૫ અતારાંકિત ગણવામાં આવ્યા.

૨. માગણીઓ પર મતદાન છઠ્ઠા દિવસ માટે ચાલુ રહ્યું. ખાતાના મુખ્ય સદર "૫૦, જાહેર કામો", "૧૩૦, જાહેર કામો પર ખર્ચેલી મુડી" હેઠળ માંગણીઓ રજૂ કરવામાં આવી. બે કાપ દરખાસ્તો રજૂ થઈ અને તેની સાથે માગણીઓ ઉપર ચર્ચા ચાલુ રહી. બન્ને કાપ દરખાસ્તો ગૃહની મંજૂરીથી પાછી ખેંચી લેવામાં આવી. ત્યારબાદ માગણીઓ મંજૂર કરવામાં આવી.

### સોમવાર, ૨૫મી માર્ચ, ૧૯૬૩.

૧. સત્તરમી તારાંકિત યાદીમાંના પ્રશ્ન ક્રમાંક ૧૯૪૫, ૨૩૭૦, (બન્ને સાથે) ૧૫૭૫, ૨૧૯૭, ૧૧૯૦, ૨૪૭૮, ૬૨૨, ૫૪૭, ૧૪૨૦, ૧૭૪૪, ૨૦૦૯, ૨૧૩૮, ૨૫૪૫, ૨૨૬૭, ૧૮૩૦, ૨૧૩૯, ૨૬૭૮, ૨૨૮૯, ૨૩૩૩, ૨૭૧૪, ૨૬૯૪, ૨૪૭૬, ૨૪૯૧, ૨૬૪૦, ૨૮૧૫, ૨૮૫૩ અને ૩૯૩૨ના જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલા સભ્યોના પ્રશ્ન ક્રમાંક ૨૧૨૫, ૧૨૦૧, ૨૧૨૬, ૨૭૯૧, ૨૩૮૩, ૨૨૫૫, ૧૭૬૪, ૧૯૮૪, ૨૨૯૮, ૨૭૩૪, ૧૨૫૩, ૨૪૩૪ અને ૧૭૭૯ અતારાંકિત ગણવામાં આવ્યા.

૨. માગણીઓ પર મતદાન સાતમા દિવસ માટે ચાલુ રહ્યું. ખાતાના મુખ્ય સદર "૨૯, વૈદ્યકીય," "૩૦, લોકસ્વાસ્થ્ય, " "૯૪, લોક સ્વાસ્થ્ય સુધારણા પર ખર્ચેલી મુડી " હેઠળ માગણીઓ રજૂ કરવામાં આવી. ત્રણ કાપ દરખાસ્તો રજૂ થઇ અને તેની સાથે માગણીઓ ઉપર સામાન્ય ચર્ચા ચાલુ રહી. ત્રણે કાપ દરખાસ્તો ગૃહ ની મંજૂરીથી પાછી ખેંચી લેવામાં આવી. ત્યારબાદ માગણીઓ મંજૂર કરવામાં આવી.

### મંગળવાર, ૨૬મી માર્ચ, ૧૯૬૩.

૧. ટૂંકી મુદતના પ્રશ્ન ક્રમાંક ૩૪૮૭ અને ૩૭૩૧ તેમજ અઢારમી તારાંકિત યાદીમાંના પ્રશ્ન ક્રમાંક ૧૨૨૩, ૨૧૫૬, (બન્ને સાથે) ૨૧૫૨, ૧૮૬૫, ૨૩૨૭, ૨૫૧૯, ૨૪૮૬, ૧૨૭૮, ૧૬૦૦, ૧૬૭૦, ૨૫૮૦, ૨૧૬૬, ૯૦૭, ૧૬૪૯, ૧૯૯૩, ૨૦૦૭, ૨૧૬૧, ૨૫૩૪, ૨૫૯૫, (છેલ્લા બે સાથે) ૧૯૩૬, ૨૪૨૪, ૨૩૧૨, ૨૫૩૨, ૨૦૮૮, ૨૫૪૨, ૨૭૫૧, ૨૬૦૧, ૨૬૫૧, ૨૫૪૪, ૨૬૨૫, ૨૬૩૭ અને ૨૭૨૦ના જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલા સભ્યોના પ્રશ્ન માંક ૧૫૪૩, ૧૭૯૬, ૧૦૮૩, ૧૬૦૮, ૧૯૨૭, ૨૪૧૫, અને ૨૪૩૮ અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્ન ક્રમાંક ૧૩૬૫ પાછો ખેંચી લેવામાં આવ્યો હોવાથી પૂછાયો ન હતો.

૨. માગણીઓ પર મતદાન આઠમા દિવસ માટે ચાલુ રહ્યું. ખાતાના મુખ્ય સદર "૩૪, સહકાર" અને "૩૭, સામુહિક વિકાસ યોજના, રાષ્ટ્રીય વિસ્તરણ સેવા અને સ્થાનિક વિકાસ કાર્યો" અન્વયેની માગણીઓ પર સામાન્ય ચર્ચા થઇ અને તે મંજૂર કરવામાં આવી.

૩. કામકાજ સલાહકાર સમિતિની ભલામણો અધ્યક્ષશ્રીએ વાંચી સંભળાવી જે સ્વીકારવામાં આવી.

### બુધવાર, ૨૭મી માર્ચ, ૧૯૬૩.

૧. ઓગણીસમી તારાંકિત યાદીમાંના પ્રશ્ન ક્રમાંક ૧૩૩૭, ૧૫૧૨, ૧૮૮૬, (ત્રણે સાથે) ૨૦૯૪, ૨૪૦૮, ૨૩૫૫, ૯૬૮, ૨૦૨૨, (છેલ્લા બે સાથે) ૧૨૩૭, ૧૩૫૬, ૧૯૬૫, ૧૧૧૮, ૨૮૨૧, ૨૩૧૫, ૧૪૬૩, ૧૬૭૧, ૨૧૧૬, ૨૭૦૫, ૨૫૪૩, ૨૬૧૦, ૧૨૫૮, ૨૭૩૭, ૧૬૭૪, ૨૬૧૪, ૧૫૭૪, ૨૫૬૫, ૨૬૧૬, ૧૬૯૧, ૨૬૫૩ અને ૨૫૫૭ ના જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલા સભ્યોના પ્રશ્ન ક્રમાંક ૧૧૫૫, ૨૨૯૭, ૧૪૪૨, ૧૨૨૨, ૨૫૦૧, ૨૬૭૩ અને ૨૬૭૯ તેમજ સમયના અભાવે પ્રશ્ન ક્રમાંક ૨૭૨૨, ૨૭૫૩ અને ૨૭૬૦ અતારાંકિત ગણવામાં આવ્યા.

૨. અધ્યક્ષશ્રીએ જાહેરાત કરી કે તા. ૧૫મી જાન્યુઆરી, ૧૯૬૩ના રોજ વડોદરા શહેરમાં કાસમ-દુલાની દરગાહ પાસે ઉરસ પ્રસંગે તી કવ્વાલીનો કાર્યક્રમ સાંભળવા એકઠા થયેલા માણસો ઉપર પોલીસે

કરેલા લાઠી ચાર્જથી ઘવાયેલા શખ્સો અંગે નિયમ ૯૦ હેઠળની આપેલી સૂચનાનો વિષય સબ-જ્યુડીસ હોવાથી તેના ઉપર ચર્ચા થઇ શકે નહિ.

૩. માગણીઓ પર મતદાન નવમા દિવસ માટે ચાલુ રહ્યું. ખાતાના મુખ્ય સદર "૨૩, પોલીસ હેઠળ માગણી રજૂ કરવામાં આવી. એક કાપ દરખાસ્ત રજૂ થઇ અને તેની સાથે માગણી ઉપર સામાન્ય ચર્ચા ચાલુ રહી, કાપ દરખાસ્ત ગૃહની મંજૂરીથી પાછી ખેંચી લેવામાં આવી. ત્યારબાદ માગણી મંજૂર કરવામાં આવી.

ગુરૂવાર, ૨૮મી માર્ચ, ૧૯૬૩.

સવારની બેઠક

૧. અધ્યક્ષશ્રીએ અંદાજ સમિતિ અને જાહેર હિસાબ સમિતિની નિમણૂંક કરી.

૨. માગણીઓ પર મતદાન દસમા દિવસ માટે ચાલુ રહ્યું. ખાતાના મુખ્ય સદર "૩૧, કૃષિ", "૩૩, પશુ પાલન", "૭૦, વન", "૯૫, કૃષિ વિષયક સુધારણા અને સંશોધન પર ખર્ચેલી મૂડી", "૧૦૯, બીજા કામો પર ખર્ચેલી મૂડી" અને "૧૧૯, વનોપર ખર્ચેલી મૂડી" હેઠળ માગણીઓ રજૂ કરવામાં આવી. બે કાપ દરખાસ્તો રજૂ થઇ અને તેની સાથે માગણીઓ ઉપર સામાન્ય ચર્ચા ચાલુ રહી. બન્ને કાપ દરખાસ્તો ગૃહની મંજૂરીથી પાછી ખેંચી લેવામાં આવી. ત્યારબાદ માગણીઓ મંજૂર કરવામાં આવી.

બપોરની બેઠક

૩. માગણીઓ પર મતદાન અગીયારમા અને છેલ્લા દિવસ માટે ચાલુ રહ્યું. ખાતાના મુખ્ય સદર "૪૨, બહુલક્ષી નદી યોજનાઓ", "૪૩, સિંચાઇ, નૌપરિવહન, બંધ અને મોરીના કામો (વાણિજ્યક)", "૪૪, સિંચાઇ, નૌપરિવહન, બંધ અને મોરીનાં કામો (બિન વાણિજ્યિક)", "૯૮, બહુલક્ષી નદી યોજનાઓપર ખર્ચેલી મૂડી", "૯૯, સિંચાઇ, નૌપરિવહન, બંધ અને મોરીનાં કામો પર ખર્ચેલી મૂડી (વાણિજ્યિક)" અને "૧૦૦, સિંચાઇ, નૌપરિવહન, બંધ અને મોરીનાં કામો પર ખર્ચેલી મૂડી (બિન વાણિજ્યિક)" હેઠળ માગણીઓ રજૂ કરવામાં આવી. એક કાપ દરખાસ્ત રજૂ થઇ અને તેની સાથે માગણીઓ ઉપર સામાન્ય ચર્ચા ચાલુ રહી. કાપ દરખાસ્ત ગૃહની મંજૂરીથી પાછી ખેંચી લેવામાં આવી. ત્યારબાદ માંગણીઓ મંજૂર કરવામાં આવી.

૪-૦૦ વાગે બાકીની બધીજ માગણીઓ સભાગૃહ સમક્ષ મૂકવામાં આવી અને કંઇપણ ચર્ચા વગર તે મંજૂર કરવામાં આવી.

શુક્રવાર, ૨૯મી માર્ચ, ૧૯૬૩.

૧. ટૂંકી મુદતનો પ્રશ્ન ક્રમાંક ૩૮૨૮, ચૌદમી તારાંકિત યાદીમાંનો મુલતવી રહેલો પ્રશ્ન ક્રમાંક ૧૫૯૦ તેમજ વીસમી તારાંકિત યાદીમાંના પ્રશ્ન કમાંક ૧૯૯૭, ૧૪૭૧, ૨૨૨૪, ૨૬૬૯, (ચારે સાથે) ૧૯૧૬, ૨૩૩૭, ૧૪૫૮, ૧૯૯, ૧૨૬૨, ૧૯૩૭, ૨૦૩૧, ૨૩૦૮, ૨૧૪૯, ૧૩૨૧, ૨૪૬૬, ૨૫૭૬, ૨૬૮૯, ૨૨૯૩, ૨૩૮૮, ૨૬૪૪, ૨૩૯૨, ૨૬૪૫, ૨૩૯૩, ૨૫૫૮ અને ૨૮૮૨ના જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલા સભ્યોના પ્રશ્ન ક્રમાંક ૮૨૭, ૨૦૫૩, ૨૨૯૬, ૧૬૫૬, ૧૯૭૯, ૮૩૮, ૧૮૧૯, ૨૫૬૧, ૨૫૮૮, ૧૭૮૪, ૧૯૭૭, ૨૪૪૮ અને ૨૪૫૩ અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્ન ક્રમાંક ૨૫૭૪નો અંશત: જવાબ આપવામાં આવ્યો તેમજ પ્રશ્ન ક્રમાંક ૨૫૪૯ મુલતવી રાખવામાં આવ્યો.

૨. અધ્યક્ષશ્રીએ કામકાજ સલાહકાર સમિતિની ભલામણો વાંચી સંભળાવી જે સ્વીકારવામાં આવી.

૩. બિન-સરકારી વિધેયકો અને સંકલ્પો માટેની સમિતિનો સાતમો અહેવાલ રજૂ થયો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

૪. વિશેષાધિકાર સમિતિના પ્રમુખે પ્રસ્તાવ રજૂ કર્યો કે ૪થી એપ્રિલે, ૧૯૬૨ના રોજ વિશેષાધિકાર સમિતિને સોંપવામાં આવેલા પ્રશ્ન બાબત વિશેષાધિકાર સમિતિને અહેવાલ સાદર કરવાની સમય મર્યાદાને તા. ૨૯મી માર્ચ, ૧૯૬૩ સુધી વધારવામાં આવે. થોડીક ચર્ચા પછી પ્રસ્તાવ માન્ય થયો.

૫. વિશેષાધિકાર સમિતિનો ત્રીજો અહેવાલ રજૂ કરવામાં આવ્યો.

૬. વિશેષાધિકાર સમિતિના પ્રમુખે પ્રસ્તાવ રજૂ કર્યો કે ૭મી સપ્ટેમ્બર, ૧૯૬૨ના રોજ વિશેષાધિકાર સમિતિને સોંપવામાં આવેલા પ્રશ્ન બાબત વિશેષાધિકાર સમિતિને અહેવાલ સાદર કરવાની સમય મર્યાદાને તા. ૨૯મી માર્ચ, ૧૯૬૩ સુધી વધારવામાં આવે. પ્રસ્તાવ માન્ય થયો.

૭. વિશેષાધિકાર સમિતિનો ચોથો અહેવાલ રજૂ કરવામાં આવ્યો.

૮. નીચેનાં સરકારી વિધેયકો પસાર કરવામાં આવ્યા.

૧. સન ૧૯૬૩નું ગુજરાત વિનિયોગ વિધેયક (સન ૧૯૬૩નું ૨૫મું).

રાતની બેઠક

૨. સન ૧૯૫૮નું મુંબઈ મોટર વાહન કર (ગુજરાત સંશોધન) વિધેયક (સન ૧૯૬૩નું ૨૧મું).

૩. સન ૧૯૫૮નું મુંબઈના મોટર વાહનો (ઉતારૂઓના કરાધાન) બાબતનું (ગુજરાત સંશોધન) વિધેયક (સન ૧૯૬૩નું ૧૭મું) (આ વિધેયકનું પહેલું વાંચન થયા બાદ વિરોધ પક્ષના સભ્યોએ વિરોધમાં ગૃહ ત્યાગ કર્યો હતો.)

૪. સન ૧૯૪૭નું મુંબઈ પ્રાથમિક શિક્ષણ (ગુજરાત વ્યાપ્તિ અને સંશોધન) (વિધેયક: સન ૧૯૬૩નું ૧૬મું)

સોમવાર, ૧લી એપ્રિલ, ૧૯૬૩.

૧. ટૂંકી મુદતનો પ્રશ્ન ક્રમાંક ૩૭૩૩, તારાંકિત વીસમી યાદીમાંથી મુલતવી રહેલા પ્રશ્ન ક્રમાંક ૨૫૭૪ અને ૨૫૪૯ તેમજ એકવીસમી તારાંકિત યાદીમાંના પ્રશ્ન માંક ૯૬૯, ૧૯૧૮, ૨૨૧૯, ૧૨૬૮, ૧૬૭૮, ૧૫૫૫, (છેલ્લા બે સાથે) ૧૭૩૨, ૨૦૨૭, ૨૫૭૯, ૧૫૧૯, ૨૦૭૭, ૧૨૧૧, ૧૯૭૧, ૨૧૭૪, ૧૦૦૯, ૨૨૮૫, ૧૯૫૮, ૧૪૬૮, ૨૬૭૬, ૩૦૪૭, ૨૯૨૯, (છેલ્લા બે સાથે) ૯૦૮, ૧૩૪૮, ૨૬૧૩, ૧૯૨૦, ૨૮૪૮, ૨૬૪૬, ૨૭૪૧, ૧૬૨૫, ૨૦૪૪, ૨૭૨૪, ૨૪૦૯ અને ૨૮૯૬ના જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલા સભ્યોના પ્રશ્ન ક્રમાંક ૩૦૮, ૨૭૭૨, ૨૮૧૭, ૧૭૬૯, ૨૨૬૩, ૨૧૦૨, ૧૪૭૨, ૨૮૬૩, ૨૯૦૭, તેમજ સમયના અભાવે પ્રશ્ન ક્રમાંક ૨૮૬૪, ૨૮૭૦, ૨૯૩૧, ૨૭૫૬, ૨૬૨૯ અને ૨૯૮૬ અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્ન ક્રમાંક ૧૩૬૪ પાછો ખેંચી લેવામાં આવ્યો હતો.

૨ (અ). વિધેયકો દાખલ કરવા માટે નીચેના બિન-સરકારી વિધેયકોના લાગતા વળગતા પ્રભારી સભ્યોને રજા આપવામાં આવી અને વિધેયકો તે પ્રમાણે દાખલ કરવામાં આવ્યા.

૧. સન ૧૯૪૭નું મુંબઈનું ખેતીની જમીનના ટુકડા પડતા અટકાવવા તથા તેનું એકત્રિકરણ કરવા બાબતનું (ગુજરાત સંશોધન) સન ૧૯૬૩નું વિધેયક. શ્રી ગંગારામ ચુ. રાવલ.

૨. સન ૧૯૩૯નું મુંબઈનું ખેતીની ઉત્પન્નનાં બજારો બાબતનું (ગુજરાત સંશોધન) સન ૧૯૬૩નું વિધેયક. શ્રી ચીમનભાઈ હ. અમીન.

૩. સન ૧૮૭૯ની મુંબઈ જમીન મહેસુલ સંહિતા (ગુજરાત સંશોધન) સન ૧૯૬૩નું વિધેયક. શ્રી પ્રતાપરાય તા. શાહ.

૪ સન ૧૯૪૭ નું મુંબઈ ભાડાં, હોટેલ અને નિવાસગૃહ દર નિયંત્રણ (ગુજરાત) સૌરાષ્ટ્રને લાગું પાડવા બાબતનું સન ૧૯૬૩ નું વીધેયક. શ્રી પ્રતાપરાય તા. શાહ.

૫. સન ૧૯૫૩નું મુંબઈની લગ્નોની નોંધણી કરવા બાબતનું (ગુજરાત સંશોધન) સન ૧૯૬૩નું વિધેયક. શ્રી ગંગારામ ચુ. રાવલ.

૬. સન ૧૯૪૭નું ઔદ્યોગિક તકરારો બાબતનું (ગુજરાત સંશોધન) સન ૧૯૬૩નું વિધેયક. શ્રી ગંગારામ ચુ. રાવલ.

૭. સન ૧૯૪૭નું ઔદ્યોગિક તકરારો બાબતનું (ગુજરાત સંશોધન) સન ૧૯૬૩નું વિધેયક. શ્રી મનુભાઈ હ. પાલખીવાળા.

૮. સન ૧૯૦૧નું મુંબઈનું જીલ્લા નગરપાલિકા (ગુજરાત સંશોધન) સન ૧૯૬૩નું વિધેયક. શ્રી ગંગારામ ચુ. રાવલ.

૯. સન ૧૯૪૮નું ન્યૂનતમ મજૂરી (ગુજરાત સંશોધન) સન ૧૯૬૩નું વિધેયક. શ્રી ગંગારામ ચુ. રાવલ.

૧૦. સન ૧૯૪૮નું મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીન બાબતનું (ગુજરાત સંશોધન) સન ૧૯૬૩નું વિધેયક. શ્રી ગંગારામ ચુ. રાવલ.

૧૧. સન ૧૯૩૬નું મજૂરી ચુકવવા બાબતનું (ગુજરાત સંશોધન) સન ૧૯૬૩નું વિધેયક. શ્રી મનુભાઈ હ. પાલખીવાળા.

૧૨. સન ૧૯૨૯નું બાળલગ્ન પ્રતિબંધક (ગુજરાત સંશોધન) સન ૧૯૬૩નું વિધેયક. શ્રી ગંગારામ ચુ. રાવલ.

૧૩. સન ૧૯૫૯નું મુંબઈ વેચાણવેરા (ગુજરાત સંશોધન) સન ૧૯૬૩નું વિધેયક (રાષ્ટ્રપતિની અનુંમતિ સહિત દાખલ કરવામાં આવ્યું). શ્રી રમણલાલ ના. પટેલ.

૧૪. સન ૧૮૯૮ની ફોજદારી કાર્યસંહિતા (ગુજરાત સંશોધન) સન ૧૯૬૩નું વિધેયક. શ્રીમતી શાંતાબેન ભોળાભાઈ પટેલ.

૧૫. ગુજરાતનું ઔદ્યોગિક કર્મચારીઓને ઘરની સગવડ પૂરી પાડવા બાબતનું સન ૧૯૬૩નું વિધેયક. શ્રી બ્રહ્મકુમાર આર. ભટ્ટ.

(બ) (૧) શ્રી માનસિંહજી ભા. રાણાએ તેમનું બિન-સરકારી વિધેયક સન ૧૯૪૭નું મુંબઈ ખારી જમીન બાબતનું (ગુજરાત સંશોધન) વિધેયક (સન ૧૯૬૩નું ૨૬મું) ના પહેલા વાંચન પરનો પ્રસ્તાવ રજૂ કર્યો, પ્રસ્તાવ પર ચર્ચા થઈ. મહેસૂલ ખાતાના મંત્રીશ્રીએ જવાબ આપ્યો ત્યારબાદ ગૃહની રજાથી વિધેયક પાછું ખેંચી લેવામાં આવ્યું.

(૨) શ્રી બ્રહ્મકુમાર ર. ભટ્ટે તેમના બિનસરકારી વિધેયક, સન ૧૯૫૧નું મુંબઇ પોલીસ (ગુજરાત સંશોધન) વિધેયક (સન ૧૯૬૩નું ૨૫મું) ના પહેલા વાંચન પરનો પ્રસ્તાવ રજૂ કર્યો. પ્રસ્તાવ પર ચર્ચા થઇ. ગૃહ ખાતાના મંત્રીશ્રીએ જવાબ આપ્યો ત્યારબાદ વિધેયક ગૃહ સમક્ષ મૂકવામાં આવ્યું અને તે ઉડી ગયું.

૩. અધ્યક્ષશ્રીએ કામકાજ સલાહકાર સમિતિની ભલામણો વાંચી સંભળાવી જે સ્વીકારવામાં આવી.

**બુધવાર, ૩જી એપ્રિલ, ૧૯૬૩.**

૧. ટૂંકી મુદતના પ્રશ્નો ક્રમાંક ૩૭૨૯, ૩૮૩૦ અને ૩૮૮૪ તેમજ બાવીસમી તારાંકિત યાદીમાંના પ્રશ્ન ક્રમાંક ૪૩૦, ૨૫૮૪, ૨૩૩૨, ૨૬૭૫, ૨૪૧૦, ૨૯૧૧, ૧૬૬૩, ૬૬૭, ૨૭૦૦, ૨૪૬૩, ૧૪૧૨, ૨૩૪૦, ૨૬૮૦, ૨૫૪૦, ૨૫૩૦, ૧૮૫૬, ૨૩૬૦, ૨૭૬૫, ૨૫૭૧, ૧૮૫૯, ૨૪૯૪, ૨૮૩૭, ૨૯૩૫, ૧૮૬૬, ૨૬૧૭, ૨૮૫૮, ૨૯૪૮, ૨૬૬૫, ૨૮૮૫ અને ૨૭૪૮ના જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલા સભ્યોના પ્રશ્ન ક્રમાંક ૧૬૦૪, ૨૧૨૦, ૧૭૨૪, ૧૧૭૦, ૧૫૮૮, ૧૭૧૭, ૧૮૨, ૨૯૦૧, ૧૪૪૬, ૨૧૨૪, ૨૭૯૬, ૨૯૬૦, ૩૦૧૯, ૨૯૬૫, ૨૯૭૮ અને સમયના અભાવે પ્રશ્ન માંક ૨૭૫૯, ૨૮૫૧, ૨૯૪૮ અને ૨૯૮૪ અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્ન ક્રમાંક ૨૦૩૪ મુલતવી રાખવામાં આવ્યો.

૨. મુખ્યમંત્રીશ્રીએ, મે, ૧૯૬૦થી માર્ચ, ૧૯૬૧ના ગાળા માટેની વધારાની માંગણીઓની રજૂઆત કરી. અધ્યક્ષશ્રીએ ચર્ચાના કાર્યક્રમની જાહેરાત કરી.

૩. નીચેના સરકારી વિધેયકો પસાર કરવામાં આવ્યા.

(૧) સન ૧૯૫૩નું મુંબઇનું લગ્નોની નોંધણી કરવા બાબતનું (ગુજરાત વ્યાપ્તિ અને સંશોધન) વિધેયક. (સન ૧૯૬૩નું ૩જું)

(૨) સન ૧૯૫૯નું મુંબઈનુ (બિન વ્યાપારી કોર્પોરેશન) (ગુજરાત સંશોધન) વિધેયક (સન ૧૯૬૩નું ૫મું)

(૩) સન ૧૯૬૦નું ગુજરાત વિધાનસભાના સદસ્યોના પગાર તથા ભથ્થાં બાબતનું(સંશોધન)વિધેયક (સન ૧૯૬૩નું ૬ઠ્ઠું)

(૪) સન ૧૯૫૦નું મુંબઇસાર્વજનિક ટ્રસ્ટો બાબતનું (ગુજરાત સંશોધન) વિધેયક (સન ૧૯૬૩નું ૮મું)

(૫) સન ૧૯૪૯ નું મુંબઈનું તાલુકદારી સત્તા પ્રકાર નાબૂદ કરવા બાબતનું (ગુજરાત સંશોધન) વિધેયક (સન ૧૯૬૩નું ૯મું)

(૬) સન ૧૯૪૨નું મુંબઇ જમીન સુધારણા યોજના (ગુજરાત સંશોધન) વિધેયક (સન ૧૯૬૩નું ૧૧મું)

(૭) ગુજરાત પશુરોગ (નિયંત્રણ) વિધેયક (સન ૧૯૬૩નું ૨જું)

(૮) ગુજરાત રાજ્યની બાંહેધરીઓ બાબતનું વિધેયક (સન ૧૯૬૩ નું ચોથું)

(૯) ગુજરાતનું જંગલી જાનવરો અને જંગલી પક્ષીઓના રક્ષણ બાબતનું વિધેયક (સન ૧૯૬૩નું ૭મું)

## ગુરૂવાર, ૪થી એપ્રિલ, ૧૯૬૩:

૧. ટૂંકી મુદતનો પ્રશ્ન ક્રમાંક ૩૬૯૯, બાવીસમી તારાંકિત યાદીમાંથી મુલતવી રહેલાં પ્રશ્નક્રમાંક ૨૦૩૪, ૧૮૦૦, ૨૨૫૮, ૨૩૪૮, ૨૪૯૯, ૨૯૪૬, ૧૫૭૬, ૨૭૧૮, ૨૦૩૦, ૨૧૨૧, ૧૬૨૧, તેમજ ત્રેવીસમી તારાંકિત યાદીમાંના પ્રશ્ન ક્રમાંક ૨૨૮૪, ૨૫૭૩, ૪૪૦, ૭૭૨, ૧૬૧૩, ૧૭૪૧, ૨૫૨૪, ૨૫૦૫, ૧૬૪૮, ૩૦૦૧, ૧૩૧૨, ૧૮૪૨, ૨૮૯૧, ૩૦૯૧, ૨૮૦૫, ૧૭૦૯, ૨૬૧૧, ૨૯૦૪, ૨૪૮૧, અને ૨૮૯૫ના જવાબ આપવામાં આવ્યા.

પ્રશ્ન ક્રમાંક ૨૮૯૫નો જવાબ આપતી વખતે ગૃહ અને ઉદ્યોગ ખાતાના નાયબ મંત્રીશ્રીએ ત્રીજી તારાંકિત યાદીમાં સભ્યશ્રી રતિભાઈ ઉ. પટેલના જુનાગઢ જીલ્લાના વડાલ ગામમાં થયેલ ચેપ્ટર કેસો બાબતના પ્ર. ક. ૨૨૭૦નો તા. ૫-૩-૬૩ના રોજ સરકારે આપેલ જવાબ અંગે ખુલાસો કર્યો.

